કીતની હકીકત, કીતના ફસાના ?

—કામીની સંઘવી

‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા

સુશ્રી. કામીની સંઘવીના લેખોની ઈ.બુક

♦જોડણી♦

આ ‘ઈ.બુક’માં માત્ર એક જ ‘ઈ’–‘ઉ’ વાપર્યાં છે.

December 01, 2017

VISIT…

LANZAROTE Caliente.COM

●eBook : Kitani Hakikat-Kitanaa Fasaanaa ?●

●By Kamini Sanghavi●

('અભીવ્યક્તી' બ્લોગમાં મુકાયેલા કામીની સંઘવીના લેખોની ઈ.બુક)

● ઈ.બુક મુલ્ય : તદ્દન મફત...●

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી

પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦માર્ગદર્શન♦

ઉત્તમ.મધુ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત– 395 006

ફોન : 0261–255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●

ગોવીન્દ મારુ

'અભીવ્યક્તી' https://govindmaru.wordpress.com/

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

અર્પણ

નવવીચારવાહકો



આદરણીય ઉત્તમ + મધુ ગજ્જર

ને

સપ્રેમ–સાદર

ઈ.બુકને આવકાર અને આભાર

પ્રાસ્તાવીક

'ગુજરાતમીત્ર' દૈનીક, સુરતની જૉબ છોડીને મેં 'મુમ્બઈ સમાચાર' દૈનીકની 'લાડકી' પુર્તીમાં 'દીલ કે ઝરોખોં સે' કૉલમ લખવાનું ચાલુ કર્યું ત્યારે મને સૌથી વધુ પ્રોત્સાહન શ્રી. ઉત્તમ ગજ્જર એટલે કે જેઓ સમ્બન્ધે કાકા નથી થતા; છતાં એમને હું પ્રેમાદરથી 'ઉત્તમકાકા' કહું છું એમણે અને શ્રીમતી મધુબહેન ગજ્જરે આપ્યું હતું. પછી તો આ દમ્પતીની માયા વળગી. સૌરાષ્ટ્રમાં વંચાતા 'ફુલછાબ' દૈનીકની 'ગુલમોર' પુર્તીમાં મારી કૉલમ 'તુલસીક્યારો' છપાતી જ હતી; છતાં એમના પ્રયત્નોને કારણે મને હજારો વાચક ઑનલાઈન મળ્યા. મારા એક લેખ પર મને દસ બાર ઈ.મેલ્સ મળતી થઈ અને પછી તો સતત તેમાં વધારો થતો રહ્યો. મેલ પછી વાચકોના ફોન પણ આવતા થયા અને તેમાં નવસારીથી એક ફોન ગોવીન્દભાઈ મારુનો પણ હતો. એમણે એમના દસ વરસથી ચાલતા અને અતીલોકપ્રીય નીવડેલા બ્લૉગ 'અભીવ્યક્તી' પર, એમણે પસંદ કરેલા મારા ચૌદ લેખો મુકીને મને માતબર વાચકોનો સમુહ મેળવી આપ્યો; એટલું જ નહીં તે પૈકી 11 લેખોની ઈ.બુક 'કીતની હકીકત, કીતના ફસાના?' પણ

તેઓ ઉલટભેર પ્રકાશીત કરી રહ્યા છે. તેથી ગોવીન્દભાઈનો પણ દીલથી આભાર માનું. એમનો બ્લૉગ રૅશનલવીચારોનો સામર્થ્યવાન વાહક બને ને લોકજાગ્રતી વધારે તેવી શુભેચ્છા.

આજે મારી સૌ પ્રથમ ઈ.બુક 'કીતની હકીકત કીતના ફસાના?' આવી રહી છે તેનો મને બહુ આનન્દ છે.

મારો પરીવાર છે તો હું છું, સૌને વહાલ!

...કામીની સંઘવી...


D-804, New Suncity, Aptt., B/H. BhulkaBhavan School,

AnandMahal Road, Adajan, Surat – 395 009

સેલફોન : 94271 39563

ઈ.મેલ : kaminiparikh25@yahoo.in

01 ડીસેમ્બર 2017



અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક મળે છે. અમે 05 ડીસેમ્બર, 2017 સુધીમાં નીચે મુજબની 18 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)

2. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)

3. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)

4. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની

(ઈ.બુક) – ‘વીવેક–વલ્લભ’ (પાનાં : 190; મુલ્ય : મફત)

5. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને ‘વીવેકવીજય’ ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – ‘વીવેકવીજય’ (પાનાં : 131; મુલ્ય : મફત)

6. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દની ખોજ’ (પાનાં : 53; મુલ્ય : મફત)

7. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ (પાનાં : 51; મુલ્ય : મફત)

8. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહ ના 25 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં : 111; મુલ્ય : મફત)

9. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફત)

10. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – ‘આત્મઝરમર’ (પાનાં : 257; મુલ્ય : મફત)

11. આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક ‘દુઃખ નીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફત)

12. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. એન. વી. ચાવડાના 14 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 05 ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફત)

13. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 06 ‘સત્યસન્દુક’ (પાનાં : 110)

14. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘સમ્બન્ધમીમાંસા’ (પાનાં : 83; મુલ્ય : મફત)

15. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘જીન્દગી કઈ રીતે જીવશો ?’ (પાનાં : 75; મુલ્ય : મફત)

16 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 07 ‘વીચારયાત્રા’ (પાનાં : 84; મુલ્ય : મફત)

17 અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. બી. એમ. દવે (જેલ ખાતાના નીવૃત્ત પ્રશાસક અને લેખક)ના 08 લેખોની ઈ.બુક

'ભ્રમ ભાંગ્યા પછી...' (પાનાં : 90; મુલ્ય : મફત)

18 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા સુશ્રી. કામીની સંઘવીના 11 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 09 'કીતની હકીકત, કીતના ફસાના?' (પાનાં : 72; મુલ્ય : મફત)

મણી મારુ

●'ઈ.બુક' પ્રકાશક●


405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in



અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક'ના બોક્સની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ '<u>અનુક્રમણીકા</u>' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકોને વીનન્તી છે.

1

જીવો અને જીવવા દો –

કીતની હકીકત, કીતના ફસાના?

અનુક્રમણીકા

ધર્મ એટલે શું? સંસ્કૃત શબ્દ ધ્રી તેનું મુળ છે, જેનો અર્થ થાય છે 'ટેકો કે આધાર' આપવો. પ્રેક્ટીકલ અર્થમાં જોઈએ તો ધર્મ એટલે પોતાની ફરજ નીભાવવી તે. સંસ્કૃત ભાષામાં ધર્મ શબ્દ કોઈ પર્ટીક્યુલર ધર્મને માટે પ્રયોજાતો ન હતો. પણ માનવ માનવ તરીકે જીવે તે ધર્મ. દરેકનો ધર્મ અલગ છે. જેમ કે બાળકનો ધર્મ છે માતા–પીતા અને ટીચર કહે તેમ કરવું અને ભણવું. પેરેન્ટસનો ધર્મ છે બાળકનું યોગ્ય રીતે લાલન–પાલન કરી ઉછેરવું. પોલીસનો ધર્મ છે પ્રજાની રક્ષા અને સેવા કરવી. શીક્ષકનો ધર્મ છે વીદ્યાર્થીને જ્ઞાન આપવું. ડૉકટરનો ધર્મ છે પીડીતોની સેવા કરવી. ટુંકમાં, જેને ભાગે જે ધર્મ આવ્યો છે તેનું પાલન કરવું. સામાન્ય માણસ માટે જીવો અને જીવવા દો તે જ ધર્મ છે કે હોવો જોઈએ. પણ વાસ્તવમાં તેવું છે ખરું?

હમણાં ગૌહાતીના પ્રખ્યાત કામાખ્યા મન્દીરે જવાનું થયું. ત્યાં પણ સાંઈબાબા કે તીરુપતીમાં હોય છે તેવી જ પાંજરાપોળ ટાઈપ લાઈન અને પૈસાના જોરે મોંઘા રુપીયાની ટીકીટવાળી પણ લાઈન! પહેલીવાર કામાખ્યા આવી હતી તેથી જીજ્ઞાસાથી આજુબાજુ નજર

ફેરવતી હતી. મન્દીરથી કંઈક ઉંચાઈ પર દર્શન માટેની લાઈનના પાંજરામાં દર્શનાભીલાષી ઉભા હતા. એટલામાં મન્દીરના વીશાળ પરીસરમાં ત્રણ બકરીનાં બચ્ચાં બાંધેલાં નજરે પડ્યાં. માથે તીલક, ગળામાં 'જય માતા દી' લખેલી લાલ રંગની ચુંદડીઓ બાંધેલી. તે જોઈને હવે તેમની શી દશા થવાની છે તેનો આછો આછો ખ્યાલ આવી ગયો. કારણ કે કામાખ્યાના મન્દીરમાં બલી અપાય છે તેવી વાત કાને તો આવી હતી; પણ મન માનતું ન હતું.

આપણે એકવીસમી સદીમાં જીવીએ છીએ, લોકો ચાંદ પર પગ મુકીને આવી ગયા ને હવે *મંગળ પર પહોંચવાની તૈયારી કરી રહ્યા છે ને તેથી આ હાઈટેક યુગમાં તે કોઈ ધર્મના નામે બલી થોડું ચડાવે?* **આવી અધમતા થોડી આચરાતી હશે?** પેલા ગદીડાં પણ આ વાત માનવા તૈયાર ન હોય તેમ ત્રણેય મસ્તીથી રમી રહ્યાં હતાં. જો કે તેમના ગળે બાંધલી દોરી બહુ જ ટુંકી હતી; તેથી બે–ત્રણ ફુટનું હલન–ચલન માંડ શક્ય હતું. છતાં નાનીવયની ચંચળતાથી તેઓ છલકાતાં હતાં. ત્રણેયના કાળા રંગ અને સુંવાળી રુંવાટીથી રુપાળાં દેખાતાં હતાં.

ત્યાં પીળા–કેસરી વસ્ત્ર પહેરેલો, તીલક કરેલો, જનોઈ પહેરેલો યુવાન આવ્યો અને ત્રણમાંથી એક બચ્ચાને ગળે બાંધેલી દોરી છોડીને લઈને ચાલતો થયો કે બીજાં બચ્ચાંઓએ બેં બેં કરીને કાગરોળ કરી મુકી. કદાચ તેઓ જાણી ગયાં કે તેમનો દોસ્ત કે ભાઈને ક્યાં લઈ જવામાં આવી રહ્યો છે. તેમના બેંબેંમાં 'મને બચાવો, બચાવો'ની બુમ સમ્ભળાતી હતી. મારું એડ્યુકેશન–સોફીસ્ટીકેશન મને કોઈની પ્રાઈવેટ

બાબતમાં દખલ કરવાની પરમીશન આપતું ન હતું. મને શરમ આવતી હતી કે હું એવા દેશની નાગરીક છું; જ્યાં ધર્મના નામે પ્રાણીની કતલ થતાં હું રોકી શકતી નથી. મેં મારી જાતને આટલી નીઃસહાય ક્યારેય અનુભવી–જોઈ નથી.

અમારી સામેના નળીયાના છાપરાંવાળા ખુલ્લાં ઓસરીવાળા મકાનના પરીસરની એક બાજુ પથ્થર પર ખુંટો હતો. બચ્ચાના માથાને તે ખુંટા પર બે હાથથી દબોચીને ટેકવવામાં આવ્યું. અને લોહીના લાલ રંગથી તે પરીસર છવાઈ ગયું. બચ્ચાનાં ધડ અને પગ વગેરે અંગો સાથે પેલો જુવાન ફરી બહાર આવ્યો. એક લઘર–વઘર વ્યક્તીએ તે બચ્ચાનાં અંગોને પ્લાસ્ટીકની થેલીમાં ભર્યાં. પેલાં કેસરી વસ્ત્રોવાળા જુવાને તેને હાથમાં થોડી નોટો મુકીને તે પછી પેલો મુફલીસ માણસ બચ્ચાનાં રહ્યાં–સહ્યાં અંગોવાળી પેલી પ્લાસ્ટીકની થેલી લઈને ચાલતો થયો.

એક માણસ પેન્ટ ગોઠણ સુધી ચડાવીને સતત પાઈપથી પાણી છાંટતો તે પરીસરની ફરસને ઘસી ઘસીને સાફ કરવા લાગ્યો. નીર્દોષ પશુના લોહીના ડાઘ એમ તે સહેલાઈથી ધોવાતા હશે? જનોઈ પહેરેલા, તીલક કરેલા અને કેસરી ધોતીયાં ધારણ કરેલા બે ત્રણ વયસ્કો તે મકાનના ઓટલા પર બેસીને હાથમાં તમાકુ મસળતા હતા. થોડીવારે દસ–બાર વર્ષનો બાળક હાથમાં પતરાળા લઈને આનન્દથી કુદતો કુદતો પરીસરમાં ગયો. પરીસરના ખુણામાં એક ચુલા પર તપેલું

મુકાયેલું હતું.. થોડીવારે બધાં પ્રસાદનાં એઠાં પતરાળાં મકાનની બાજુના કચરાપેટીમાં નાંખવા આવ્યા.

જે ઘટના બની હતી તેની કાળી છાયામાં હું અને મારાં સાથીઓ સ્તબ્ધ હતા. મા કામાખ્યા તારા દરબારમાં આવું? એક માના દરબારમાં બચ્ચાની કતલ? પછી તો જાણવા મળ્યું કે અહીં તો રોજ ઓછામાં ઓછા દસ–વીસ બલી ચડે છે. જેમાં નર બકરા અને મોટા તહેવારો પર પાડાનો પણ બલી આપવામાં આવે છે.

હીન્દુ ધર્મના નામે ચાલતી અગણીત ક્રુર પ્રથામાં કોઈ સૌથી ક્રુર પ્રથા હોય તો તે આ બલીપ્રથા છે. પોતાનું, પોતાના કુટુમ્બીઓનું સારું થાય તે માટે કોઈ મુંગા પ્રાણીનો બલી આપવો તેમાં ક્યો ધર્મ સમાયેલો છે? હીન્દુ સીવાય ખ્રીસ્તી ધર્મમાં બેપ્ટીઝમ અને મુસ્લીમ ધર્મમાં બકરી ઈદ નીમીત્તે ભારતમાં હજારો પ્રાણીઓની કલત થાય છે. મરઘાં, બતકાં, બકરાં વગેરેનો બલી છાશવારે અગણીત, અતાર્કીક રીતે ચડાવવામાં આવે છે. સમજ્યા કે માણસ માંસાહારી હોય તો જીવવા માટે પ્રાણીને મારે; પણ માત્ર ધર્મના નામે પ્રાણીને મારવાં તેમાં કયો ધર્મ સમાયેલો છે? મુંગા, લાચાર પશુ–પક્ષીઓના બલીદાનથી ઈશ્વર, અલ્લાહ કે ઈસુ પણ કોઈનું કલ્યાણ ન કરે તે સીધી સાદી વાત આપણે ક્યારે સમજીશું?


આજે ભારતમાં અગણીત સંસ્થાઓ એનીમલ ક્રુઅલ્ટી રોકવા માટે કામ કરે છે; પણ કેટલી સંસ્થાઓએ ધર્મને નામે આચરાતી કતલ

સામે આવાજ ઉઠાવ્યો છે? માત્ર હીરો–હીરોઈન પાસે કપડાં ઉતરાવીને શરીર પર પ્રાણી જેવાં ચીતરામણ કરાવીને ફોટા પડાવવાથી આ હીંસા અટકશે? કેમ કોઈ સાધુ–સન્ત ફકીર, મુલ્લા કે પાદરીને આ બલીનો વીરોધ કરવાનું સુઝતું નથી?

માત્ર ભારતના ગણ્યાંગાંઠ્યાં રાજ્યો કેરળ, તામીલનાડુ, કર્ણાટક, આન્ધ્ર પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને પોંડીચેરીનાં મન્દીરોમાં પશુ–પંખીનાં બલીદાન ન અપાય તેવા કાયદા છે. પણ આવા કાયદાનો કેટલો અને કેવો અમલ થતો હશે તે તો રામ જાણે! તામીલનાડુ રાજ્યમાં તીરુચી જીલ્લાના એક મન્દીરમાં એક સાથે પાંચસો બળદનો બલી અપાય છે. મુખ્યપ્રધાને તે રોકવા માટે 2002માં કાયદો કરવાનું પણ વીચાર્યું; પણ પછી કાયદાને કારણે તે વીસ્તારના દલીત–મુસ્લીમ મત ગુમાવવા પડશે તેવું જણાતાં, તે ખરડાને પડતો મુકવામાં આવ્યો. સાંભળવા મુજબ 2008માં યુપીએ સરકાર પાર્લામેન્ટમાં વીશ્વાસમત જીતે તેને માટે 242 બકરાં અને ચાર પાડાનું ગૌહાતીના કામાખ્યા મન્દીરમાં બલીદાન અપાયું હતું. રાજકારણીઓ પાસેથી બીજી શી અપેક્ષા રાખી શકાય? કાળી ચૌદસ કે અમાસના દીવસે તાન્ત્રીકો ઘુવડ, ગલુડીયાં, મરઘાંનો બલી આપે છે. બલી આપવા માટેનાં પ્રાણી શહેરમાં ક્યાં, કેવી રીતે અને કેટલામાં વેચાતાં મળે છે તેની જો આમ આદમીને ખબર હોય, તો પોલીસને કેમ ન હોય!

એક વાર્તા વાંચી હતી. આફ્રીકાના જંગલમાં કેટલાક માસાંહારી આદીવાસી રહેતા હતા. તેઓ જ્યારે કોઈ પશુ–પક્ષી ન મળે અને

ભુખ્યા હોય ત્યારે માનવને મારીને પણ ખાતા. તેમનું નરભક્ષીપણું છોડાવવા માટે એક–બે પાદરી ત્યાં ગયા. પેલા આદીવાસીઓની સમજમાં તેમની વાત આવી અને તેમણે માણસનું માંસ ન ખાવાની પ્રતીજ્ઞા લીધી. એક દીવસ એમ જ જંગલમાં ફરતા હતા અને પાદરીને શીકાર કરવાનું મન થતાં તેણે એક પક્ષીનો શીકાર કર્યો. પછી તેને ત્યાં જ મુકીને ચાલતા થયા. આથી પેલા આફ્રીકન આદીવાસીએ તેને પુછ્યું, 'તારે પક્ષી ખાવું ન હતું તો માર્યું કેમ?' અભણ–જંગલી પણ જો તેનું પેટ ભરવા માટે જ હીંસા કરતો હોય, તો ધર્મના નામે હીંસા કરતા આપણે સુસંસ્કૃત કે ભણેલા કહેવાઈએ? કોઈ નીર્દોષ પશુ–પક્ષીની હીંસા કરવાથી ઈશ્વર, અલ્લાહ કે ઈસુ પ્રસન્ન થતા હોત તો આજે દુનીયામાં કોઈ દુઃખી ન હોત. 'જીવો અને જીવવા દો.' બસ, આ એક ધર્મ માણસ નીભાવશે તો દુનીયાના દરેક સજીવ મજેથી જીવશે. આખરે બકરીના બચ્ચામાંયે જીવ તો છે જ ને!



2

યે કહાં આ ગયે હમ?

અનુક્રમણીકા

કાલીદાસે આજથી સદીઓ પહેલાં ભારતીય લોકો માટે કહ્યું હતું, ‘ઉત્સવ પ્રીય જનાઃ’ પણ આજના સમાજની ઉત્સવઘેલછા જોઈને કહેવાનું મન થાય કે આપણે ‘ઉત્સવપ્રીય જનાઃ’ને બદલે ‘કોલાહલપ્રીય જનાઃ’(ઘોંઘાટ જેને પ્રીય છે તેવી પ્રજા) થઈ ગયા છીએ. આપણે ‘માનસીક રોગથી પીડાતા સમાજ’ તરફ ગતી કરી રહ્યા છે. એક એવો સમાજ, જે ઘોંઘાટ કરવાની વૃત્તીને પ્રોત્સાહન આપે, ધર્મને નામે નીયમો તોડવા તેને પોતાનો અબાધીત અધીકાર સમજે, જાહેરમાં ટ્રાફીક જામ કરી, રસ્તાઓ રોકી, હજારો લોકોનો સમય વેડફે, તેને જ પોતાનો ધાર્મીક ઉત્સવ માને, તે પ્રજાને માનસીક રોગી નહીં તો શું કહીશું?

પહેલાંના સમયમાં બાળક શાન્તીથી ઉંઘ્યા કરે તે માટે તેને ‘બાળાગોળી’ પીવડાવવામાં આવતી. જેમાં વધારે માત્રામાં અફીણ રહેતું. બાળક ઉંઘ્યા કરે અને માતા પોતાના કામમાં વ્યસ્ત રહે. આપણા આજના તહેવારો પણ સમાજને બાળાગોળી પીવડાવીને કેફમાં રાખવાનું કામ કરે છે. તમને નથી લાગતું કે એક નજર આપણે આપણાં હૃદયમાં કરવાની જરુર છે? શા માટે આપણને આપણા તહેવારો ઘોંઘાટથી ઉજવવાનું ઝનુન ઉપડ્યું છે?

તો તમે કહેશો કે ભાઈ આજના જમાનામાં મોંઘવારીએ માઝા મુકી છે, નેતાઓ ભ્રષ્ટ થઈ ગયા છે, ભ્રષ્ટાચારે અજગરની જેમ પુરા સમાજને ભરડામાં લીધો છે. સારી નોકરી મળવી મુશ્કેલ થઈ ગઈ છે. સામાન્ય માનવી માટે મનોરંજનનાં સાધન પણ મોંઘાં થઈ ગયાં છે. આમ આદમી માટે તો રોટલો અને ઓટલો મેળવવાની મથામણમાં જ જીવન પુરું થઈ જાય તેવા ઘાટ છે. વળી સમાજમાં કોઈ એવી વ્યક્તી નથી કે જેને તમે રોલ–મૉડલ માની જીવનનો રાહ પસન્દ કરી શકો. એટલે આપણા તહેવારો આપણા માટે બાળાગોળીનું કામ કરે છે. બસ, ઉત્સવના ઘેનમાં મસ્ત થઈને ઝુમ્યા કરો! ભલેને તમારી મસ્તીથી બીજા ત્રસ્ત થાય કે કોઈની ઉંઘ હરામ થાય! મારે શું? આ 'મારે શું'ની વૃત્તી જોર પકડતી જાય છે. હવે 'મારે શું'ની વૃત્તી સાથે એક બીજી લાગણી પણ જોર પકડતી જાય છે તે છે : 'ઉસકી સાડી સે મેરી સાડી સફેદ ક્યું?' બસ, એટલે તહેવારોમાં ઝાકમઝોળ વધી છે. બાજુની ગલીવાળા પાંચ ફુટની ઉંચી મુર્તી લાવ્યા તો આપણે દસ ફુટ ઉંચી મુર્તી લાવીએ. હેં! આપણે કાંઈ તેમના કરતા નીચા છીએ? આ લાગણી ગણપતીની સ્થાપનાથી લઈને વીસર્જન, પ્રસાદ, આરતી સુધી લમ્બાય છે. અને માત્ર ગણપતી મહોત્સવ નહીં; પણ આ દેખાદેખી દરેક ઉત્સવમાં જોવા મળે છે. આપણી સોસાયટી, આપણા મહોલ્લાનો વટ પડવો જોઈએ. એટલે પહેલાં શ્રીજીના વીસર્જન સમયે ફટાકડા ફુટતા કે બેન્ડવાજાં વાગતાં. હવે તો શ્રીજીની પધરામણીથી લઈને વીસર્જન સુધી સતત ધુમ ધડાકા! સરવાળે વધુ ફાળો ઉઘરાવો. હવે ગણપતીના સ્થાપનની આસપાસ દસ દીવસ હીન્દી–અંગ્રેજી ગીતો વાગે કે પત્તાં રમાય કે દારુ પીવાય તેની

કોઈને નવાઈ રહી નથી. એક બે સાચા બનેલા પ્રસંગ તમારી સાથે શેર કરું :

નવા નવા સુરતમાં અમે રહેવા આવેલાં. ઘરે મહેમાન અને તેમને હું રહું તે વીસ્તાર અડાજણથી દસ બાર કીલોમીટર દુર રાતે બસમાં બેસાડવા જવાનું. એટલે અમે બે કલાકનો માર્જીન રાખી ઘરેથી નીકળ્યા; પણ સુરતના ચોક વીસ્તારમાં પહોંચ્યા તો ટ્રાફીક જામ! કારણ, છડી નોમ(જન્માષ્ટમી પછીની નોમ)નું સરઘસ નીકળ્યું હતું. લોકો નાચતાં–ગાતાં હતાં અને અમારો જીવ પડીકે બંધાયો. સમયસર નહીં પહોંચીએ તો બસ ઉપડી જાય. એક કલાકમાં અમારી ગાડી માંડ અડધો કીલોમીટર ચાલી હશે. હવે? ટ્રાવેલવાળાને ફોન કર્યો તો તે 'નો રીપ્લાય.' નીરુપાયે ગાડીમાં બેઠાં બેઠાં કૃષ્ણને યાચના કરી, 'ભાઈ, તારા જન્મદીવસની ઉજવણી થઈ ગઈ હોય તો હવે અમારા વીશે કંઈ વીચાર!' છેવટે રસ્તો ક્લીયર થયો. ટ્રાવેલ ઑફીસે પહોંચ્યા તો ખબર પડી કે હમણાં જ તમારી રાહ જોઈને બસ ઉપડી છે. અમે પુછ્યું કે તમે ફોન કેમ ન ઉપાડ્યો અમે ટ્રાફીકમાં ફસાયા છીએ તે જાણ કરવા માટે ફોન કરેલો. તો ટ્રાવેલવાળા ભાઈ કહે, 'અમે તો છડી નોમનું સરઘસ નીકળ્યું તે જોવા ગયા હતા!' હે કૃષ્ણ? અમે રસ્તો અને બસનો નમ્બર પુછી ગાડી દોડાવી. આગળ જઈ બસને આંતરી મહેમાનને ચાલુ ગાડીએ ચડાવ્યા ત્યારે હાશ થઈ!


એક બીજો પ્રસંગ. અમારા બીલ્ડીંગમાં પહેલે માળે રહેતા એક પડોશીને ત્યાં દીકરીનો જન્મ થયો હતો એટલે એક દીવસ હું તેમને

મળવા ગઈ. તો નવાજાત શીશુ સાથે મા કશે જવાની તૈયારી કરતા નજરે પડી. મેં તેમને જણાવ્યું કે હું તો તમને મળવા આવી હતી કશે જતા હો તો હું પછી મળવા આવીશ. તે સદ્ય મા બનેલી સ્ત્રીએ કહ્યું, ‘હું તો બાજુના ઘરમાં જ કલાક બેસવા જાઉં છું તમે પણ આવો.’ મને નવાઈ લાગી : આ સુવાવડી સ્ત્રી, બાજુવાળાના ઘરમાં કેમ જતી હશે? હું પણ તેની સાથે ગઈ. અમે બન્ને ઘરમાં ગયાં તેવા જ ઘરમાલીકને નવજાત શીશુની માતાએ બારી બારણાં બંધ કરવા કહ્યું. મને થયું આ બાળકને કશું થયું હશે? હું કશું પુછું ત્યાં તો નીચે ગણેશમંડપમાંથી ઢોલ–નગારાંના ઘોર ત્રાસદાયક અવાજ આવવા લાગ્યા. પેલી નવમાતાએ કહ્યું, ‘મારું બાળક અધુરા મહીને જનમ્યું છે એટલે ડૉકટરે તેની વધારે કાળજી લેવાનું કહ્યું છે. અમુક ડેસીબલ કરતાં વધારે અવાજથી તેને કદાચ કાયમી બહેરાશ આવી શકે. અને અમારા ઘરની નીચે જ સોસાયટીના ગણપતીનું સ્થાપન થયું છે.’ એક સુવાવડી સ્ત્રીએ ખુદના ઘરનો આરામદાયક ખાટલો છોડી બાજુવાળાના ઘરમાં આશરો લેવો પડે તેવી પરીસ્થીતીનું સર્જન તે આપણા તહેવારોની ઉજવણીની ફલશ્રુતી? તો હવે આ સમાજ રુગ્ણ–બીમાર છે તેવું કહેવામાં છોછ શું કામ?

કોઈ આ ‘ઘોંઘાટ–કલ્ચર’નો વીરોધ કરે તો આપણે તેને કાફીર કે નાસ્તીકનું લેબલ લગાડવામાં અચકાતા નથી. કારણ આપણે નાના બાળકના મનમાં પણ અવાજ કરવો, ઘોંઘાટ કરવો તે જ ધાર્મીકતા છે તેવું નાનપણથી જ ઘુસાડી દઈએ છીએ. અમારા સુરતમાં હજુ માંડ માંડ ચાલતાં શીખેલા બાળકના હાથમાં દાંડી અને ગળામાં

ઢોલ તમને ગણેશમહોત્સવમાં જોવા મળે. હવે આ બાળક મોટું થઈને શહેરના રસ્તા પર ઉત્સવ સમયે ટ્રાફીક જામ કરી ડીસ્કો કરતું નજરે પડે તો નવાઈ શી?

પશ્ચીમના ખુલ્લા વાતાવરણમાં ઉછરેલાં બાળકો યુવાનવયે કહેવાતી સ્વતંત્રતા અને એકલતાથી પીડાતાં હતાં, જેને કારણે તેઓ નશાને રવાડે ચડ્યા હતા. બસ, આપણો સમાજ આજે તેવી જ માનસીકતાથી પીડાઈ રહ્યો. દરેક તહેવાર વધારેમાં વધારે ઘોંઘાટ કરી ઉજવો તો જ આપણે ધાર્મીક? શાન્તીથી કોઈ તહેવારની ઉજવણી કરીએ તો આપણે અધાર્મીક? સમાજ આખો, આમ આદમીની મુશ્કેલી ભુલી બસ, ઉત્સવની ઉજવણીરુપી નશાના કેફમાં મસ્ત છે! સીત્તેર–એંસીના દાયકામાં પશ્ચીમના દેશોમાં એક 'હીપ્પી' જમાત ફુલીફાલી હતી. જે અફીણ કે ગાંજાનો નશો કરી પોતાની દુનીયામાં મસ્ત રહેતી. જેનું નીરુપણ આપણી ઘણી બધી હીન્દી ફીલ્મોમાં થયું છે. તે માનસીકતા રજુ કરતું એક ગીત આપણી આજની માનસીકતા સાથે બરાબર બંધ બેસે છે.. 'દમ મારો દમ મીટ જાયે ગમ, બોલો સુબહ–શામ હરે ક્રીષ્ના હરે રામ!' રામ અને કૃષ્ણના નામે આપણે ઘોંઘાટ રુપી પથ્થરો તરાવવા નીકળ્યા છીએ. યે આગ કબ બુઝેગી? રામ જાણે!



3

સ્ત્રીએ ‘અસત’ પર વીજય મેળવ્યો છે?

અનુક્રમણીકા

આપણી ભારતીય પરમ્પરા પ્રમાણે આ વખતે પણ દશેરા ઉજવાયો. ક્યાંક રામલીલા ભજવાઈ. કશેક રામ–લક્ષ્મણ–સીતાની રથયાત્રાઓ નીકળી. ઠેર ઠેર રાવણનાં પુતળાંનું દહન થયું. દશેરાની સ્પેશીયલ એડીશન પણ ન્યુઝપેપર્સ–મેગેઝીન્સે છાપી. દર વર્ષે લખાય છે અને આપણે વાંચતા હોઈએ છીએ તેમ આ વર્ષે પણ તે પરમ્પરાનું પાલન થયું કે : ‘ભાઈઓ–બહેનો દશેરા એટલે સતનો અસત પર વીજય.’ ઈવીલ પર ગુડની વીક્ટરી. કારણ કે રામે રાવણરુપી વીકારોનું હનન કર્યું તો મા દુર્ગાએ મહીષાસુરરુપી અસુરી શક્તીનો નાશ કર્યો. આમ આદમીથી લઈને મુખ્યમન્ત્રી સુધી બધાએ શસ્ત્ર–અસ્ત્રની પુજા કરી. કરોડો રુપીયાના ફાફડા–જલેબી ખવાયાં. આનન્દો...! પણ પછી? આ અઠવાડીયાના મુખ્ય ત્રણ સમાચાર પર નજર ફેરવો તો લાગે કે આપણે ખરેખર ‘અસત પર સતનો વીજય’ મેળવી શક્યા છીએ?

ઓરીસ્સા અને આંધ્રપ્રદેશ પર ‘ફેલીન’ વાવાઝોડું ત્રાટક્યું. સરકાર પહેલેથી જ એલર્ટ હતી એટલે બધી જ જરુરી સલામતી વીચારાઈ અને લેવાઈ પણ ખરી, જેથી આમઆદમીની રક્ષા થઈ શકી. છતાં અનીવાર્ય રીતે ન નીવારી શકાય તેવા સંજોગોને કારણે પચાસેક

મોત થયાં. સમજી શકાય તેવી વાત છે, કુદરતની સાથે બાથ ભીડવી તે અઘરું કામ છે. વળી, માનવી ગમે તેટલો બાહુબળી હોય પણ કુદરત સામે તે વામન જ છે. તેથી ફેલીન વાવાઝોડાના મરણાંક સામે વાંધા–વચકાં ન હોય; પણ દશેરાના દીવસે મધ્યપ્રદેશના એક નાનકડા ગામના મન્દીરમાં એકથી દોઢ લાખની મેદની એકઠી થઈ. પછી કોઈ અફવાને કારણે ભાગદોડમાં બસોથી વધારે માણસ મરી ગયા! બીજા સોએક માણસોને ગમ્ભીર ઈજા પહોંચી. જેમાં સ્ત્રીઓની સંખ્યા વધારે હતી. અમુક તો નાનાં નાનાં માસુમ ભુલકાંઓ પણ આ હોનારતમાં હોમાઈ ગયાં. તે માટે કોણ જવાબદાર? આમઆદમી, જે તે તહેવારોને દીવસે મન્દીરમાં દર્શન કરવા માટે ભીડ કરે છે તે આમઆદમી કે પછી પ્રશાસન, જે આટલી મોટી સંખ્યામાં લોકો દર્શન કરવા આવે છે તે જાણતા હોવા છતાં, પુરતી વ્યવસ્થા કરવામાં ઉણું ઉતર્યું તે જવાબદાર? કે પછી જે દેવી કે દેવતાના તેઓ દર્શન કરવા આવ્યા હતા તે? શા માટે ઈશ્વરે તેમની રક્ષા ન કરી?

હીન્દુ ધર્મમાં બ્રહ્મની વ્યાખ્યા મુજબ પરમાત્મા નીરાકાર છે. તેનું કોઈ રુપ નથી. નથી તે દેવી–દેવતામાં કે નથી તે મુર્તીઓમાં. તે તો મારા–તમારામાં રહેલો છે. તો પછી તેને બહાર મન્દીરોમાં શોધવાની જરુર શી છે? શા માટે મન્દીરોમાં લાઈન લગાવીને દેવી–દેવતાના દર્શન કરવા માટે હડીયાપાટી કરવાની? ક્યારેય સાભંળ્યુ છે કે ગાંધીજી કોઈ મન્દીરમાં દર્શન કરવા માટે ગયા હોય? છતાં તે સવાયા રામભક્ત હતા. રામના આદર્શને તેમણે પોતાના જીવનમાં વણી લીધા હતા. પછી મન્દીરમાં રામને શોધવા જવાની જરુર જ ક્યાં પડે? તમે ખુદ જ

ઈશ્વરનો અંશ છો, તો તેનું જ કલ્યાણ થાય તેવું કરો ને! દીવસે દીવસે સ્ત્રીઓનું એજ્યુકેશન વધે છે; પણ ધાર્મીકતા ઘટવાના બદલે વધતી જાય છે. તેમાં ધાર્મીકતાના નામે દંભ–દેખાદેખીએ દાટ વાળ્યો છે. સમજ્યા કે એક મા–પત્ની તરીકે તમે તમારા પરીવારનું કલ્યાણ ઈચ્છો; પણ તે માટે અન્ધશ્રદ્ધાનો સહારો લેવાની શી જરુર છે? ફલાણાં–ઢીકણાં ભગવાનના દર્શન સીમાબહેન કરી આવ્યાં એટલે રીમાબહેન પણ જાય. કારણ કે ઈશ્વરની કૃપા તેમનાં સંતાન કે પરીવારને મળે અને પોતાનો પરીવાર રહી જાય તો? યાર, આ દેખાદેખીની વૃત્તી છોડો. કોઈ દેવી–દેવતા હોનારતમાં મદદે આવતા નથી. એવું હોત તો ધાર્મીક સ્થાન પર થતી ભાગદોડમાં માણસ મરતો હોત? મધ્યપ્રદેશની ઘટનાના રશીસ (ધસારા) જેણે છાપાં–મેગેઝીનમાં જોયા છે, તેમાં માસુમ ભુલકાંઓની લાશ જોઈને કોઈ સેન્સેટીવ તો શું, જડભરત પણ વીચલીત થઈ જાય. તો બહેનો, આપણી નીંભર ધાર્મીકવૃત્તી કેમ વીચલીત થતી નથી? શા માટે આપણે મન્દીર–મસ્જીદમાં ભગવાન–ખુદાને મેળવવા માટે લાઈન લગાવીએ છીએ? પરમાત્મા તમારી ભીતર જ છે. તમારી આવી ધાર્મીકતાનો જ આસારામ જેવા બાપુઓ ગેરલાભ ઉઠાવે છે. શી જરુર છે પોતાની કાચી ઉમ્મરની દીકરીઓને આવા બની બેઠેલા બાપુઓની સેવા કરવા માટે મોકલવાની? પેલી પીડીતાનો ગેરલાભ ઉઠાવવા માટે જેટલા દોષી આસારામ છે તેટલાં જ દોષી તે દીકરીનાં માતા–પીતા પણ છે. સોળ વર્ષની દીકરીને શા માટે સાધના કરાવવાની ને શી સાધના કરાવવાની? તેની ઉમ્મર તો ભણવા–ગણવાની છે ને?

મનુસ્મૃતીમાં કહેવાયું કે સ્ત્રીની બુદ્ધી પગની પાનીએ હોય છે. ભણેલી–ગણેલી સ્ત્રીઓ આ માન્યતાનો યથાયોગ્ય વીરોધ કરતી હોય છે; પણ જો તમે તમારી માસુમ બાળાઓને સાધુ–સંતોને પગે લગાડવા લઈ જતાં હોય તો દીલગીરી સાથે કહેવું પડે કે, ‘બહેન, તારી બુદ્ધી ખરે જ, પગની પાનીએ જ છે.’ સાધુ–સંતોને પગે લાગવાથી કોઈનો ઉદ્ધાર થતો નથી. તેથી તમારી દીકરીનો પણ નહીં થાય. હા, બની શકે કે તેનું હીત થવાને બદલે અહીત જ થાય. માટે આન્ટીજી, આન્ટીજી, વેક અપ, એન્ડ થીન્ક....



4

દીવાળી, અન્ધશ્રદ્ધા, સફાઈ અને આપણે

અનુક્રમણીકા

માતા–પીતા સીવાય બાળકના જીવનમાં બીજી કોઈ વ્યક્તી મહત્ત્વની હોય તો તે ટીચર કે શીક્ષક છે. બાળક ઘરમાં જેટલો સમય તેના પેરેન્ટ્સ સાથે વીતાવે છે તેટલો જ ક્વૉલીટી ટાઈમ તે તેની સ્કુલ કે કૉલેજના શીક્ષકો સાથે પસાર કરે છે. તેથી જ બાળકના માનસીક અને શારીરીક વીકાસમાં માતા–પીતા પછી કોઈનો સૌથી વધુ સીંહફાળો હોય તો તે ટીચરનો છે. સારી–નરસી કેળવણી બાળક શીક્ષક પાસેથી જ ગ્રહણ કરતું હોય છે. હમણાં સુરતની બે ચાર સ્કુલમાં બાળકોને ઉદાહરણરુપ જીવન અને પર્યાવરણલક્ષી પાઠ ભણાવવામાં આવ્યા. આપણે બધા જ જાણીએ છીએ કે દીવાળી એ પ્રકાશનો તહેવાર છે. તેથી આપણે સૌ યથાશક્તી તે ઉજવાતા હોઈએ છીએ. પણ કોઈ બાળક માટે દીવાળીની ઉજવણી કેવી હોય? તો કહો કે સ્કુલ–ટ્યુશનમાં રજા એટલે ભણવામાંથી છુટી એટલે મજા જ મજા! બીજા નમ્બરે આવે રજામાં મજા કરવાની વાત. તો ઘરમાં જાત જાતનાં મીઠાઈ–ફરસાણ બને અને તે મરજી થાય તેમ ખાવાની મજા. ત્રીજા નમ્બર પર આવે નવાં કપડાં–શુઝ વગેરે લેવાં અને પહેરવાં. રાતે દોસ્તો સાથે ફટાકડા ફોડવા. હા, બાળક નાનું હોય તો ફટાકડા ફોડીને આનન્દ લે જ; કારણ કે દીવાળી હર્ષ–ઉલ્લાસ અને પ્રકાશનો તહેવાર છે. પરન્તુ હાયર

સેકન્ડરીમાં ભણતા સોળ–સત્તર વર્ષના ટીનેજર્સ સમજણા કહેવાય. તેની પાસેથી તેમની ઉમ્મર પ્રમાણેના સમજદારીભર્યા વર્તનની અપેક્ષા રખાય. તેથી જ આ શાળા સંચાલકોએ તેમની શાળામાં ભણતાં અગીયાર–બારમા ધોરણના વીદ્યાર્થીઓ પાસે શપથ કે સોગન્દ લેવડાવ્યા કે તેઓ હવેથી દીવાળીમાં ફટાકડા નહીં ફોડે. જેથી કરીને પૃથ્વી પર અવાજ અને હવાનું પ્રદુષણ ઘટે. ખુબ સરસ.. આજનાં ટીનેજર્સ બાળકો આવતીકાલે દેશના નાગરીક બનશે. ત્યારે દેશ માટે કે આ જગત માટે કંઈક પોઝીટીવ કરવાની તેમની વૃત્તીને વેગ મળશે. જીવનમાં ક્યાંક સમાજ પ્રત્યેની સમજદારીનો આછો આછો દીવો પણ ટમટમતો રહે તેથી વધું રુડું શું હોય? કદાચ દીવાળી એ પ્રકાશનો તહેવાર છે તેની સાચી ઓળખ અહીં જ પ્રસ્થાપીત થશે.

જો કે ત્યાં હાજર કેટલાક વાંકદેખા શીક્ષકો અને વાલીઓ અને પેરેન્ટ્સના મતે આ બધા સોગન્દ લેવા કે લેવડાવવા એ ધતીંગ છે. છોકરાઓ તો ફટાકડા ફોડે જ ને! છોકરા ફટાકડા નહીં ફોડે તો કોણ આપણે ફોડીશું? કબુલ, છોકરાઓ ફટાકડા ફોડે જ; પણ તે પન્દર–સોળ વર્ષની વયથી નીચેનાં હોય તો. વળી અવાજ કે હવાનું પ્રદુષણ ન ફેલાય તેવા ફટાકડા ફોડવાની કોણ ના કહે છે? પન્દર વર્ષની વયથી મોટાં બાળકો આવાં સમાજહીતનાં કામ કરે તે ઈચ્છનીય જ છે. ભલે ને તે શપથ લેનાર સો–બસોમાંથી દસ–વીસ બાળકો પણ તેનું પાલન કરે તો તે સમાજ અને માનવહીતમાં જ છે. છેલ્લાં પાંચ–સાત વર્ષથી આ પ્રથા સુરતની આ બે–ચાર સ્કુલમાં ચાલે છે. ફટાકડા નહીં ફોડવાના સોગન્દ લેનાર અને હવે યુવક–યુવતી બનેલાં તે સ્કુલના ભુતપુર્વ

વીદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે, તેમાંથી ઘણાંએ તે સોગન્દ પાળ્યા છે. અને તેઓ દીવાળીમાં ફટાકડા ફોડતા નથી. વળી તેમનાં નાનાં ભાઈ–બહેનને પણ ફટાકડા ન ફોડવાની કસમ લેવડાવે છે. કદાચ આ નાની નાની હરકતોથી જ બાળકોનાં હૃદયમાં દેશ કે સમાજ પ્રત્યેના ઋણની રેખા આંકી શકાય.

છેલ્લાં દસ–બાર વર્ષમાં દીવાળીના દીવસોમાં સુતળી કે લક્ષ્મી બૉમ્બના તીવ્ર અવાજો મોટાં શહેરમાં માથાંનો દુઃખાવો બનતા જાય છે. સુપ્રીમ કોર્ટે રાતે દસથી સવારે છ વાગ્યા સુધી અવાજ પ્રદુષણ પર નીષેધ ફરમાવ્યો છે; પણ દીવાળીના દીવસોમાં તે નીયમોની ઐસી કી તૈસી કરવામાં બાળકો જ નહીં; વાલીઓ પણ મોટો ભાગ ભજવે છે. વળી સપરમા દીવસોમાં ક્યાં કોઈ સાથે માથાકુટ કરવી? લોકોનાં એવાં વલણને કારણે જે આ ફટાકડાના અવાજથી ત્રસ્ત થાય છે તેવા સીનીયર સીટીઝન કે બીમાર કે નવજાત શીશુની માતાઓ ફટાકડા ફોડતા લોકો સાથે વાદ–વીવાદ કરવાનું ટાળે છે. જેને કારણે મોટાં શહેરોના રાજમાર્ગ ફટાકડાના અવાજથી ત્રસ્ત છે. તેથી દીવાળી કે નવા વર્ષે લોકોનાં ઘર સીવાય બધે જ ફટાકડા ફોડવાથી ઉત્પન્ન થતા ટનબંધ કચરાઓના ઠેર ઠેર ઢેર છવાયેલાં હોય છે. આપણું ઘર જેમ આપણે દીવાળીમાં વાળી–ચોળીને સાફ રાખીએ છીએ, તેમ આપણી સોસાયટી, આપણી શેરી, આપણું ગામ–શહેર અને દેશને અવાજ અને હવાના પ્રદુષણથી મુક્ત રાખવાની આપણી ફરજ નથી?

માતા એ સો શીક્ષકની ગરજ સારે છે તેવું વારંવાર આપણે કહીએ છીએ. તે જ માતા દીવાળીના તહેવારોમાં આડકતરી રીતે પોતાનું ઘર તો સાફ કરે છે, જેથી તેના ઘરમાં લક્ષ્મીજીનો પ્રવેશ અને વાસ થાય. તે બધાં માટે તે શુકન–અપશુકનના નામે અન્ધશ્રદ્ધાનું તો વહન કરે જ છે; પણ સાથે સાથે જાહેરસ્થાન પર ધર્મ કે રીતરીવાજના નામે પ્રદુષણ ચોક્કસ ફેલાવે છે.

આજકાલ એક બીજો રીવાજ પણ વધી રહ્યો છે અને તે ધનતેરસના દીવસે મુહુર્ત જોઈને સોના–ચાંદીની ખરીદી કરવાનો. વળી તેમાં પણ અમુક–તમુક નક્ષત્ર જોઈને સોના–ચાંદીની ખરીદી કરવા માટે ઝવેરીની દુકાનોમાં લાંબી લાઈન હોય. એક–બે કલાકે તમારો નમ્બર આવે. ભલે થાકી જવાય; પણ શું થાય? શુકન માટે ધનતેરસના દીવસે પણ ખરીદી તો કરવી જ જોઈએ! હવે દીવાળીના તો બધા દીવસો જ શુકનવંતા અને સપરમા ગણાય છે. તો તેમાં મુહુર્ત જોવાની વાત ક્યાં આવી? પણ બસ, વર્ષ સારું જાય, ઘરમાં લક્ષ્મી આવે એટલે પણ આમ કરવું જોઈએ. સીમ્પ્લી, વેસ્ટ ઓફ ટાઈમ અને વેસ્ટ ઓફ મની! ધનતેરસના દીવસે સોનાચાંદીના માર્કેટમાં તેજી હોય એટલે ભાવ ઉંચા હોય. ઉપરથી ઝવેરીઓ ઘડામણી પણ ડબલ વસુલ કરે. છતાં આપણે બીજા દીવસોમાં ખરીદી કરવાને બદલે તે દીવસે જ ખરીદી કરીને પણ લુંટાઈએ છીએ. કારણ કે મુહુર્ત તો સાચવવું જોઈએ તેવો પરીવારની ગૃહીણીનો જ આગ્રહ હોય! બહેનોની અન્ધશ્રદ્ધા કાળી ચૌદશે તો માઝા મુકે. ચાર રસ્તા પર ‘કકળાટ’ કાઢવા જાય અને રસ્તા પર વડાં મુકે. તમે ધાર્મીક છો અને શ્રદ્ધાથી ઘરમાં પુજન કરો તો ઓક્કે. પણ ચાર

રસ્તા પર ‘કકળાટ’ના નામે વડાં મુકવાં તે આજના સમય પ્રમાણે કેટલું યોગ્ય લાગે? મને યાદ છે અમારી સોસાયટીની બાજુમાં જ ઝુંપડપટ્ટી હતી. સોસાયટીના રહેવાસીઓ સોસાયટીના ચાર રસ્તા પર વડાં મુકવા બહેનો ઘરેથી નીકળે તે સાથે જ ઝુંપડપટ્ટીનાં બાળકો આગળ–પાછળ ચાલવા માંડે. ચાર રસ્તા પર લોકો વડાં મુકે ના મુકે ને પેલાં ગરીબ બાળકો તરત ઉઠાવી લે અને ખાઈ પણ જાય. ચાર રસ્તા પર વડાં મુક્વાથી લોકોના ઘરનો કકળાટ ઓછો થતો હશે કે નહીં તે તો રામ જાણે; પણ કોઈના પેટની આગ કે ભુખ તો જરુર મીટાવે છે. તો પછી શા માટે અન્નના ખોટા રીતીરીવાજ પાછળ વ્યય કરવો? અન્નપુર્ણા અન્નનો વ્યય અટકાવે તો તે સમાજસેવા કહેવાય. વળી બહેનો નવા વર્ષે કે દીવાળીની રાતે ચાર રસ્તા પર ઘરના જુનાં ઝાડુ અને માટલાં મુકી આવે. એટલે નવા વર્ષે તમે ઘરની બહાર નીકળો તો બધા જ ચાર રસ્તા પર માટલામાં ઝાડુ ભેરવેલાં દેખાય. સરકાર કે નગરપાલીકા આમેય તહેવારોના દીવસોમાં માણસોની ખેંચ અનુભવતી હોય, તેમાં શહેરના દરેક ચાર રસ્તા પર ઝાડુને માટલાં ઉંચકવા તો ક્યાંથી કોઈ નવરું હોય?

આપણા વડા પ્રધાને બહુ સરસ સુત્ર આપ્યું કે દેશને સ્વચ્છ બનાવો. તેમાં ઘણાંય મહીલામંડળો હઈશો હઈશો કરતાં જોડાઈ ગયાં, લાંબા સાવરણા લઈને રસ્તા સાફ કરવા ઉતરી પડ્યાં અને પોતાનો પ્રચાર અને પ્રસાર કરી લીધો. પણ હવે શું? આપણો દેશ સાફ રાખવાના સોગન્દ લીધા છે તે તહેવારો આવતાં આપણે ભુલી જઈએ છીએ? દેશ કે દુનીયાને બદલવાના ખ્વાબ જોતાં પહેલાં દરેકે પોતાની

જાતને બદલવી પડે તો જ બદલાવ શક્ય બને. કોઈ પણ સરકાર લોકોની સક્રીય ભાગીદારી વીના સફળ ન બની શકે. તે વાત પછી વીકાસની હોય કે સફાઈની કે આતંકવાદની. પાવર ઓફ ફોર્ટીનાઈન એટલે કે મહીલા મતદાનનો પ્રભાવ આપણે ગત ઈલેક્શનમાં જોયો છે. તો આ પાવર ઓફ ફોર્ટીનાઈન દેશની અન્ધશ્રદ્ધા કે ગંદકીની સફાઈ માટે યોગ્ય રીતે વપરાય તે ઈચ્છનીય નથી?



5

‘છોકરીઓએ વ્રત ન કરવાં’
તેવો નીયમ સ્કુલમાં ક્યારે ?

અનુક્રમણીકા

જેઠ સુદ અગીયારસ એટલે ભીમ અગીયારસ. જેઠ માસ બેસતાં જ વરસાદનાં વાદળ ઘેરાય. ખેડુતો ખેતર ખેડી ચાતક નજરે વરસાદ વરસે તેની રાહ જુએ અને વરસાદ સમયસર પડ્યો તો ચુલે લાપસીનાં આંધણ મુકાય. કારણ, ભીમ અગીયારસે વાવણી થઈ જાય તો વરસ સારું જશે તેવું સીધું ગણીત. ભીમ અગીયારસ પછી આવે જેઠ સુદ પુનમ એટલે વટસાવીત્રીનું વ્રત. પતીના લાંબા આયુષ્ય અને સમૃદ્ધી માટે થતું વ્રત. જેઠ માસથી વર્ષાૠતુનો પ્રારમ્ભ થાય તે સાથે જ જેઠ, શ્રાવણ, ભાદરવો અને આસો એમ બહેનો માટે વ્રત–ઉપવાસ–એકટાણાની સીઝન શરુ. જેની જેટલી શ્રદ્ધા તેટલાં વધુ વ્રત–ઉપવાસ કરે. જેટલું તપ વધુ, તેટલું ફળ વધુ મળે એવી ગણતરી આ વ્રત–ઉપવાસ કરવામાં હશે? કે પછી ટ્રાયલબેઝ પર પણ વ્રત થાય છે? ‘વાગ્યું તો તીર નહીં તો તુક્કો!’ આજકાલની મોડર્ન વામાઓ વ્રત કરે છે તેમાં શ્રદ્ધા કેટલી અને અન્ધશ્રદ્ધા કે દેખાદેખી કેટલી?


એક કીસ્સો જાણવા મળ્યો. એક ડૉક્ટર યુવતીને તે ટીનએજર હતી ત્યારથી જાણતી હતી. સીધીસાદી, ભણેશ્રી ટાઈપ છોકરી. બહુ

ધાર્મીક પણ નહીં. રૅશનલ વીચાર ધરાવે; કારણ કે વાચન ઘણું. તે ડૉક્ટર યુવતીનાં લગ્ન હજુ ગયા વર્ષે મે માસમાં થયાં હતાં. હજુ તેનું એમ.બી.બી.એસ. પુરું જ થયું હતું અને તે આગળ પોસ્ટગ્રેજ્યુએશન કરવા માટેની એન્ટ્રન્સ એક્ઝામમાં એપીયર થવાની હતી. એટલે સ્વાભાવીક છે કે તેનું ફોકસ ભણવા પ્રત્યે જ હોય. તેનાં લગ્નનું પહેલું વર્ષ હતું; પણ સ્ટડીમાં ડીસ્ટર્બ થાય એટલે તેની સાસુની સલાહ અવગણીને પણ તેણે વ્રત–ઉપવાસ કરવાનું ગયા વર્ષે ટાળ્યું. કાળનું કરવું તે ગયા વર્ષે ડીસેમ્બરમાં તેની એન્ટ્રન્સ ટેસ્ટ લેવાઈ અને બહેનને અપેક્ષીત કોર્સમાં એડમીશન મળે તેવો સ્કોર ન થયો. જાણે બારે વહાણ ડુબી ગયાં! સાસુને તરત કહેવા–સમ્ભળાવવા માટે બહાનું મળી ગયું કે, ‘જોયું, આ વ્રત ન કરવાનું પરીણામ? વ્રત કર્યું હોત તો સફળ થાત; કારણ કે ઈશ્વરના આશીર્વાદ મળત.’ ગયા વીકમાં વટસાવીત્રીનું વ્રત હતું ને તે લીફ્ટમાં મળી ગઈ. ટીપીકલ નવવધુ જેવું ડ્રેસીંગ અને બહેન તો હાથમાં પુજાની ટોપલી લઈને જતાં હતાં. પુછ્યું કે આ શું? તો કહે કે ઘરના લોકો કહે છે કે વ્રત કરી જો; કદાચ તને એક્ઝામમાં ધારી સફળતા મળે. પુછ્યું કે તું તો આવું બધું માનતી ન હતી, તો પછી હવે આમ કેમ? તેના જવાબમાં તે ડૉક્ટર યુવતીએ કહ્યું, ‘યસ આઈ ડોન્ટ બીલીવ ઈન ઓલ ધીસ; પણ ટ્રાય કરવામાં શું જાય છે? વ્રત કરીને ક્યાં કંઈ ગુમાવવાનું છે? અને તેથી પણ મનગમતી બ્રાન્ચમાં એડમીશન મળી જાય તો સારું જ ને?’

આજકાલની સો કોલ્ડ એજ્યુકેટેડ સ્ત્રી પણ આવું વીચારતી હોય તો ક્યાં થીંગડાં મારવાં? સમજ્યા કે જેનું ભણતર બહુ નથી કે

જેનું વાચન લીમીટેડ કે નહીંવત છે તે બહેનો આવાં બધાં ધતીંગધતુરાં કરે તો તેને સહન કરી શકાય; પણ આજની ડૉક્ટર યુવતી આવી અન્ધશ્રદ્ધામાં માને અને વ્રત કરે તો કોને શીખામણ આપવી? કદાચ આપણું એજ્યુકેશન સ્ત્રીને વીચારોમાં સ્વાવલમ્બી બનાવી નથી શક્યું. કારણ કે હજુ પણ આપણી પ્રાથમીક શાળામાં કે હાઈ સ્કુલમાં જયા–પાર્વતી કે મોળાકતમાં છોકરીઓને વીશેષ છુટ આપવામાં આવે છે. જેમ કે વ્રત દરમીયાન યુનીફોર્મ વીના રંગીન ડ્રેસ પહેરીને સ્કુલે આવી શકાય. આપણા સમાજનો મોટો વર્ગ હજુ પણ છોકરીઓ પાસે વ્રત કરાવે છે. તેમાં ઘણી મોડર્ન મમ્મીઓ તો દીકરી હજુ તો ચાર–પાંચ વર્ષની હોય ત્યાં જ વ્રત કરવાનું શરુ કરાવી દે. કારણ કે વ્રત વહેલાં પતી જાય તો પાછળથી ઉંચા ધોરણમાં દીકરી આવે ત્યારે સ્ટડી ડીસ્ટર્બ ન થાય! કેમ કોઈ સ્કુલ એવો નીયમ નથી લાવતી કે 'અમારી સ્કુલની છોકરીઓ વ્રત નહીં કરે.' તેવો નીયમ કેમ નહીં? છોકરા વ્રત નથી કરતા; છતાં દરેક ક્ષેત્રમાં ધારી સફળતા મેળવે છે તે સત્ય બધાં માતા–પીતા કેમ નથી જોઈ શકતાં? સ્પેસ પરી સુનીતા વીલીયમ્સ અમેરીકાથી ભારત અને તેમાં પણ ગુજરાત પધારે તો આપણે હરખપદુડા થઈને તેની આરતી ઉતારવા પહોંચી જઈએ છીએ; પણ કદી જાણો તો ખરા કે વગર વ્રત ઉપવાસે પણ કાતીલ મનોબળને કારણે જ તેણે આવી પુરુષ કરતાં પણ ચડીયાતી સફળતા મેળવી છે. તે કોઈ વટસાવીત્રી કે મોળાકત કે જયા–પાર્વતીનું નાનપણમાં કરેલ વ્રતનું ફળ નથી. વ્રત કરીને આજની સ્ત્રી પોતાને ઈન્ટેલેક્ચ્યુઅલ 'ફુલ' સાબીત કરી રહી છે.

આજની સ્ત્રીએ ઈમોશનલ ફુલ બનવાને બદલે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ફુલ' બનવા તરફ પ્રયાણ તો નથી કર્યું ને? કારણ કે મુર્ખતા તો મુર્ખતા જ રહે છે. તે પછી ભણેલા કરે કે અભણ. *તમે કઈ કેટેગરીમાં આવો છો 'ઈમોશનલ ફુલ' કે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ફુલ' તે તમારે નક્કી કરવાનું છે.*



6

અન્ધશ્રદ્ધાનું મુળ ક્યાં?

અનુક્રમણીકા

તાજેતરમાં બે–ત્રણ ઘટના બની આજે તેની વાત કરવી છે. ગુજરાતના મોટા ભાગનાં દૈનીકોમાં એક સમાચાર લગભગ પહેલાં પાને છપાયા હતા કે એક વરસની ઉંમરની નાનકડી પૌત્રી ન્યુમોનીયાથી પીડાતી હતી; તેથી તેની દાદી તેને જીદ કરીને તાન્ત્રીક પાસે લઈ ગઈ. તાન્ત્રીકે તે બાળકીને પેટ સહીત પુરા શરીર પર સો ડામ આપ્યા!! પેપરમાં આ સમાચાર સાથે તે બાળકીનો ફોટો પણ છપાયો હતો. જે જોઈને અરેરાટી/ગુસ્સો અને અસહાયતા સીવાય કઈ લાગણી થાય?

ઉત્તરપ્રદેશના એક ગામમાં પચાસ વર્ષની નીઃસન્તાન વીધવા સ્ત્રીને ગામની પંચાયતે તે ડાકણ છે ને ગામના છોકરાઓને ખાઈ જાય છે તેવો આરોપ તેના પર લગાવ્યો. કારણ શું? તો કે, હમણાંથી એ ગામમાં બે–ત્રણ ટીનેજ બાળકોનાં મોત. અને તેથી પેલી નીઃસન્તાન સ્ત્રીને સજારુપે તેનું મુંડન કરાવીને ગધેડાં પર બેસાડીને આખા ગામમાં ફેરવવામાં આવી.

ત્રીજા એક સમાચાર એ છે એક સમાજમાં પ્રતીષ્ઠીત ગણાતા કુટુમ્બમાં દીકરાનાં લગ્ન થવાનાં હતાં. લગ્નના થોડા દીવસ પહેલાં ખબર પડી કે જે યુવતી સાથે લગ્ન થવાનાં છે, તેની જન્મકુંડળીમાં તો

મંગળ અમુકતમુક જગ્યા પર છે. તે જેને પરણે તેનું ટુંક સમયમાં મોત થશે. તેથી પહેલાં તો વીવાહ ફોક કરવાનું વીચારવામાં આવ્યું. પણ યુવકે તે જ યુવતી સાથે લગ્ન કરવાનો આગ્રહ રાખ્યો એટલે પેલી યુવતીના ભાવી પતી પરમેશ્વરને બચાવવા માટે જ્યોતીષીઓએ ઉપાય સુચવ્યો. પેલા યુવાન સાથે લગ્ન થાય તે પહેલાં યુવતીને કુતરા સાથે પરણાવવામાં આવી જેથી તેના પતી પરમેશ્વરને ઉની આંચ ન આવે.

અને છેલ્લે બહુ ચર્ચીત અલીગઢ મુસ્લીમ યુનીવર્સીટીની વાત, જેના ચાન્સેલરના વીચીત્ર નીર્ણયે ભારતના તન્ત્રીલેખોમાં આ યુનીવર્સીટીને અપજશ અપાવ્યો. આ મહાવીદ્યાલયમાં 1960માં તેમાં ભણતી મહીલાઓએ અલીગઢ યુનીવર્સીટીના ડીનને લેખીતમાં લાઈબ્રેરીમાં તેમને પ્રવેશ આપવામાં આવે તેવી અરજી કરી હતી. જેથી કરીને તેઓ લાઈબ્રેરીનાં પુસ્તકોનું અધ્યયન કરી શકે. તે જ વાતને ફરી થોડા દીવસો પહેલાં મહીલાઓએ યુનીવર્સીટીના સંચાલકો સમક્ષ મુકી; તો હાલના ત્યાંના કુલપતીએ તે દરખાસ્ત ફગાવી દીધી. કારણ તો એ આપવામાં આવ્યું કે છોકરીઓ લાઈબ્રેરીમાં આવશે તો તેમને જોવા માટે છોકરાઓની ભીડ વધશે. વળી છોકરા–છોકરીઓ સાથે બેસીને વાંચે અને કંઈ અઘટીત બન્યું તો?

આમ જોઈએ તો ઉપરના ત્રણ સમાચારને અને છેલ્લી મુસ્લીમ અલીગઢ લાઈબ્રેરીની ઘટનાને પહેલી નજરે કશું લાગતું વળગતું નથી. અને આમ જુઓ તો આ લાઈબ્રેરીવાળી ઘટના આ બધી ઘટના સાથે ગાઢ રીતે સંકળાયેલી જ છે. અન્ધશ્રદ્ધા અને અભણપણું તે બન્ને વચ્ચે

મા–દીકરી જેવો લાગણીભીનો સમ્બન્ધ છે. જ્યાં ભણતર ન હોય ત્યાં અન્ધશ્રદ્ધા આવે, આવે અને આવે જ.

આપણાં ઘરોમાં સવારની એક ઝલક જોશો તો સમજાઈ જશે. પચાસથી લઈને પાંસઠ વર્ષની સ્ત્રીની દીનચર્યા કેવી હોય છે? તો કહો કે સવારે તેમને મીનીટનો પણ સમય ન હોય; કારણ કે તેમના દેવ–ભગવાન કે ઈશ્વરને રીઝવવાના હોય. ઠાકોરજીને જાત જાતના ભોગ ધરાવવા માટે મહેનત થતી હોય. ઠાકોરજીને સ્નાન–લેપ વસ્ત્રનો વીધી ચાલતો હોય. તેમાં આ દેશ કે પરદેશમાં શું ચાલે છે તે વાંચવા–વીચારવાનો સમય કયાંથી હોય? સમજી શકાય કે, આ બધાં ધાર્મીક વીધીવીધાન તે ટાઈમપાસ કે એકલતા દુર કરવા માટે હોય તો તો નો પ્રોબ્લેમ...; પણ માત્ર 'હું આમ કે તેમ કરીશ તો જ મારું કે મારા કુટુમ્બનું સારું થશે' તેવી ભાવના સાથે થતું હોય તો તે અન્ધશ્રદ્ધા જ છે. અને સરવાળે આવા બધા ધાર્મીક વીધીમાં રચીપચી સ્ત્રીને દુનીયામાં શું થાય છે તેની સાથે કેટલી નીસબત હોય? મંગળ પર આજે યાન પહોંચ્યું છે, તો કાલે માનવ પણ પહોંચશે તે વાત તેને સમજાય જ કેવી રીતે?

ડામ આપ્યા તે તાન્ત્રીક અને બાળકીનાં દાદી તો એક સરખા ગુનેગાર છે; પણ સૌથી મોટા ગુનેગાર તો તે નીર્દોષ બાળકીનાં માતા–પીતા છે. દાદી બાળકીને તાન્ત્રીક પાસે લઈ જવાની ગમે તેટલી જીદ કરે; પણ માતા–પીતાએ તેને પરમીશન કેમ આપી? બાળકીનાં માતા–પીતાને સમજ ન હતી કે તાન્ત્રીક કેવો વીધી કરશે? વાંક દાદી કે તે બાળકીના મમ્મીનો પણ નથી. સદીઓથી આપણે ત્યાં સ્ત્રીને ભાગ્યે જ

બહારની દુનીયા સાથે સાંકળવા પ્રયત્ન કરીએ છીએ. પત્ની કે સ્ત્રી ‘ડમ્બ ઈઝ ધ બેટર’ એવું વલણ આપણા સમાજનું રહ્યું છે. એટલે એકવીસમી સદીમાં પણ આપણે ત્યાં આવી ઘટના ઘટે કે ન્યુમોનીયા જેવો રોગ થયો હોય તો પણ; બાળકને ડૉક્ટર પાસે લઈ જવાને બદલે તાન્ત્રીક પાસે લઈ જઈએ. જો તે દાદીને સાચી સમજણ મળી હોત કે બાળકને યોગ્ય દવા કરાવવાથી જ રોગ મટે; નહીં કે દોરા–ધાગા કે બીજા બર્બર તાન્ત્રીક વીધીથી; તો આવી ઘટના આપણા સમાજમાં બનત ખરી કે? આજે જરુર છે માત્રને માત્ર શીક્ષણનો વ્યાપ વધારવાની. માત્ર સ્કુલીંગથી કશું સુધરે તેમ નથી; પણ જુની પેઢીને પણ વાચન કે પ્રયોગ દ્વારા શીક્ષીત કરવાનો સમય આવી ગયો છે.

આપણે ત્યાં દહેજનું દુષણ ઘટ્યું છે; પણ ધર્મને નામે થતાં પાખંડ ઘટ્યાં નથી. ઉલટાની આજની યુવા જનરેશન વધુને વધુ ‘ધાર્મીક’(!) થતી જાય છે ને જેને પરીણામે વધુને વધુ લોકો અન્ધશ્રદ્ધા તરફ વળે છે. ડૉક્ટર–એન્જીનીયર થયેલા લોકો પણ શુકન અપશુકનમાં માનતા હોય છે. સારાં–નરસાં ચોઘડીયાં જોઈને સારાં કામનું મુહુર્ત કરતા હોય છે. અરે, દીવાળીમાં કમ્પ્યુટરની પુજા કરતો વર્ગ પણ છે. હકીકત દીવા જેવી સ્પષ્ટ છે; છતાં આપણે તે જોઈ શકતા નથી. એટલે રોજબરોજ આવી ઘટનાઓ ઘટતી રહે છે. આપણે હવે આવા બધા સમાચાર છાપામાં વાંચી વાંચીને રીઢા થઈ ગયા છીએ. એટલે આપણને પણ કશો ફરક પડતો નથી. પેપર વાંચીને બાજુમાં મુકી દીધું, એટલે પત્યું.

બીજી બાજુ આપણી ગ્રામ કે ખાપ પંચાયતોએ કાળો કેર વર્તાવ્યો છે. સ્ત્રીઓને બર્બર સજા કરવામાં તેઓ માહેર છે. આપણી અદાલતને સમાન્તર ચાલતી આ પંચાયતોની ન્યાયીક પ્રણાલીઓ તાલીબાન જેવા ત્રાસવાદીઓ દ્વારા નીર્દોષ લોકોને થતી રંજાડથી કમ નથી. શા માટે વીધવા–નીઃસન્તાન સ્ત્રી જ ડાકણ કહેવાય? તેની જ નજર ગામનાં બાળકો પર પડે ને બાળકો મરી જાય? કેમ કોઈ નીઃસન્તાન વીધુરને કદી કોઈ સજા નથી થતી? કેમ કદી એવા સમાચાર નથી વાંચવા કે સાંભળવામાં આવતા કે વીધુરે બીજાના છોકરા પર બુરી નજર નાખી, તેથી કોઈના છોકરાનું અહીત થયું? જો એક વીધવાની નજર ખરાબ હોઈ શકે તો વીધુરની નજર પણ ખરાબ હોય શકે ને? તેનું એક જ કારણ કે આપણે ત્યાં સર્વ દોષ સ્ત્રીઓમાં જ હોય છે. કારણ કે આપણો સમાજ પુરુષપ્રધાન સમાજ છે ને! સમાજનાં મહત્ત્વનાં નીર્ણયો કરવાનાં મહત્ત્વનાં સ્થાન પર પુરુષ વર્ગ બેઠો હોય છે. મોટા ભાગની ખાપ કે ગ્રામ પંચાયતોમાં સ્ત્રીઓને સ્થાન હોતું જ નથી. અને એકાદ સ્ત્રી કશે પંચાયતમાં હોય તોય તેનું સ્થાન ચાવી દીધેલા પુતળાથી વધારે નથી હોતું. એટલે પછી સ્ત્રીને આવી વીચીત્ર કે ક્રુર સજા થાય તેની શી નવાઈ?

કશે–કદી આપણે એવું કશું વાંચતા કે સાંભળતા નથી કે પતીને ભારે મંગળ છે. માટે પત્નીના માથે ઘાત છે અને તેના માથે મોત ભમે છે. એટલે પત્નીની રક્ષા કાજે, પતીને પહેલાં કુતરી સાથે પરણાવવામાં આવે? કે પછી પત્ની માટે કોઈ પુરુષ મંગળવાર કે શનીવાર કરે? આવું વાંચવું પણ આપણને હાસ્યાસ્પદ લાગે. આખરે

પત્ની કે સ્ત્રીની કીંમત શી? એક વાત વાંચી હતી. એક આદીવાસી પુરુષની પત્નીને કંઈ મોટો રોગ થઈ ગયો હતો. એટલે ડૉકટર પાસે પત્નીનો ઈલાજ કરાવવા ગયો. ડૉકટરે પત્નીની સાજા થવાની કીંમત બે હજાર રુપીયા કહી. પતી, પત્નીને સારવાર કરાવ્યા વીના ઘરે લઈને જતો રહ્યો. કારણ પાંચસો રુપીયામાં તો નવી મળે છે તો જુની પર બે હજાર રુપીયાનો ખર્ચ શું કામ કરવો?

એક વાક્ય વાંચ્યું હતું કે તમે એક પુરુષને શીક્ષણ આપશો તો તમે એક વ્યક્તીને શીક્ષીત કરશો; પણ તમે એક સ્ત્રીને શીક્ષણ આપશો તો તે પુરા સમાજને શીક્ષીત કરશે. ઉપર જણાવેલી ઘટનાઓ ફરી આપણે પેપરમાં વાંચવી કે સાંભળવી ના હોય તો સ્ત્રીને શીક્ષીત કરો.



7

અન્નપુર્ણાને હાથે અન્નનો વ્યય?

અનુક્રમણીકા

છેલ્લા દસ પન્દર દીવસમાં ઘણા તહેવારો આપણે ધામધુમથી ઉજવ્યા. જેમાં જન્માષ્ટમી જેવાં ધાર્મીક તહેવારોથી લઈને રાષ્ટ્રીય તહેવાર પન્દરમી ઓગસ્ટ એટલે કે સ્વતન્ત્રતા દીવસ સુધીના તહેવારોની વાત આવી જાય. તે દરેક તહેવાર, પછી તે રાષ્ટ્રીય તહેવાર હોય કે ધાર્મીક, અલબત્ત, હર્ષોલ્લાસથી તો ઉજવાયા; પણ એક કોમન વસ્તુ તે દરેક તહેવારોની ઉજવણીમાં ઉડીને આંખે વળગી. આપણા દરેક તહેવારો સાથે અમુકતમુક પ્રકારની વાનગીઓ જોડાયેલી હોય છે. જેમ કે ઘરે માતાજીની આરતી કે સ્થાપના હોય તો ગોળપાપડી કે ખીર. ગણેશ ચતુર્થી પર લાડુ કે મોદક કે મોતીચુરના લાડુ. નવરાત્રીમાં પેંડા કે લાપસી કે પછી હવે કેટલાંક વર્ષોથી જે નવો ટ્રેન્ડ શરુ થયો તે બજારુ મીઠાઈનો. ચાલો, એ પણ ખોટું નથી. બધી મીઠાઈ બધાને બનાવતા આવડતી જ હોય તે જરુરી નથી અને દરેક વખતે ઘરે બનાવવી પણ શક્ય હોતી નથી ને! પણ આ તહેવારોમાં જે જોયું તે ખોટું લાગ્યું અને તે હતો અન્નનો વ્યય. ખોટો બગાડ કે પછી દેખાદેખીને કારણે કરેલું અન્ન પ્રદર્શન!

ગુજરાતીઓમાં શ્રાવણ માસની વદ ચોથ, બોળચોથ તરીકે ઉજવાય છે. કુટુમ્બની વડીલ સ્ત્રી સગાં–સંબધીઓમાંથી પોતાનાથી નાની ઉમ્મરની વહુવારુઓને ઘરે બોલાવીને બોળચોથની વાર્તા કરે અને બધાં સાથે બેસીને મગ–બાજરીનો રોટલો ખાય. તે દીવસે ચપ્પુ–છરીથી કાપેલી વસ્તુ ન ખવાય તેવું વ્રત બધી જ સ્ત્રીઓ પાળે. એકટાણું કરે અને સર્વનું માંગલ્ય ઈચ્છે. બોળચોથની વાર્તામાં ભારોભાર અન્ધશ્રદ્ધા અને અવાસ્તવીકતા છલકાય છે અને તે વીશે અનેકવાર લખાઈ ગયું છે. પણ ઘઉં સીવાયના અનાજની પણ ગણના કે મહીમા થાય તે પ્લસ પોઈન્ટ; પણ બોળચોથની ઉજવણીમાં અન્નનો મહીમા કરવાના દીવસે પણ અન્નનો બગાડ? થયું એવું કે એક પરીવારમાં આ તહેવારની ઉજવણી કરવામાં આવી. સહેજેય દસ–બાર, નાની–મોટી ઉમ્મરની સ્ત્રીઓ સાથે જમી. બધાં જમી રહ્યાં પછી જે કાંઈ વધ્યું તે કચરાપેટીમાં પધરાવી દેવામાં આવ્યું. કારણ? તો યજમાન મહીલાએ જણાવ્યું અમારે ત્યાં સવારનું સાંજે કોઈ ખાય નહીં ને બહેનને તો બોળચોથનું એકટાણું છે. એટલે આ વધેલું તો કોણ ખાય?

ચોથ પછીનો દીવસ એટલે નાગપાંચમ. બધી જ એડ્યુકેટેડ સ્ત્રીઓ જાણે છે કે નાગ કે સાપ કયારેય દુધ પીતા નથી; પણ પાંચમના દીવસે હાથમાં દુધ લઈને નાગને પીવડાવવા નીકળી પડે. વળી તે ઓછું હોય તેમ તે દીવસે પણ ઉપવાસ. જેથી ઘરનાં કોને પણ નાગ દંશે નહીં. આ વસ્તુ ખવાય ને તે ના ખવાય તેવા નીયમો ઘરેઘરે જુદા. બાજરાના લોટમાં ઘી–ગોળ મેળવીને કુલર બનાવવામાં આવે ને ગામમાં નાગ દેવતાના મન્દીરમાંની મુર્તી પર કુલરનો ઢગલો થાય. અનેક માણસનું

પેટ ભરાય તેટલાં બધા અન્નનો બગાડ! હા, જે કુલર પ્રસાદ રુપે વધી હોય તે સાંજ પહેલાં ખાઈ જવાની; નહીં તો ગાયને ખવડાવી દેવાની; નહીં તો જમીનમાં દાટી દેવાની; નહીં તો નાગ દેવતા કોપાયમાન થાય!

પાંચમ પછીનો દીવસ રાંધણછઠ. ને નામ તેવા જ તે દીવસના રુપ! એટલે સવારથી સાંજ સુધી બહેનો જાતજાતનું રાંધ્યા જ કરે. કારણ કે બીજા દીવસે શીતળા સાતમ અને તે દીવસે તો ગરમ ખવાય નહીં ને! જાતજાતની અને ભાતભાતની વાનીઓ બને. પછી સાતમને દીવસે શીતળામાના દર્શન કરીને આખો દી' ખવાય ને રાતે જમ્યા પછી વધે તે ફેંકી દેવાય. આફ્ટર ઓલ, વાસી ખોરાક કેટલા દીવસ ખાવો? વળી બીજા દીવસે તો જન્માષ્ટમી! એટલે બધા ઉપવાસ કરે. તે દીવસે ફરી, નવી ફરાળમાં ખવાય તેવી વાનગીઓ બને કે બહારથી તૈયાર લાવવામાં આવે. નોમના દીવસે સવારે હવેલીમાં કૃષ્ણજન્મ છડીનોમના નામથી ઉજવાય. કાનુડાનાં બાળસ્વરુપને દુધ–દહીં–ઘી–મધ અને સાકરથી બનાવેલાં પંચામૃતથી સ્નાન કરવાય. પછી પંજરીનો પ્રસાદ વહેંચાય. ને નન્દઉત્સવમાં દર્શાનાર્થીઓ પર પ્રસાદની વર્ષા થાય. ગળ્યા સક્કરપારાં – સાકર – મીસરી – મઠરી – મોહનથાળ – બુન્દી ભક્તો પર ફેંકાય. લોકો પ્રસાદ ઝીલવા પડાપડી કરે. અડધો ઝીલાય ન ઝીલાય અને હવેલીની ફરશ પર પડે. ભક્તોના પગે કચરાય; પણ તેથી શું આ તો આપણી પરમ્પરા છે ને છડીનોમના દીવસે તો પ્રસાદનો વરસાદ થવો જ જોઈએ ને!

સુરતના એક ઔદ્યોગીક ગૃહમાં પન્દરમી ઓગસ્ટની ઉજવણી ધામધુમથી થઈ રહી હતી. ત્રીરંગાને પુરા માન–પાન અને ઠાઠથી સલામી અપાઈ. રાષ્ટ્રજોગ સારું કામ કરનારને માન–અકરામથી નવાજવામાં આવ્યા. બાળકોએ દેશપ્રેમનાં ગીતો ગાયાં. સાંસ્કૃતીક નૃત્ય અને રાસ ગરબાની રમઝટ થઈ. દીલ તો રાષ્ટ્રપ્રેમની દીલરુબા સાંભળીની દેશપ્રેમમાં ડુબાડુબ થઈ ગયું! છેલ્લે જલપાનની વ્યવસ્થા હતી. વી.આઈ.પી. સ્ટેન્ડમાં બધા ગેસ્ટ્સને હાથોહાથ જલપાન સર્વ થયાં. પ્રોગ્રામ પુરો થયો અને મંડપો ખાલી થઈ ગયા હતા; પણ ત્યાં સર્વ થયેલી નાસ્તાની પ્લેટો ભરેલી પડી હતી. ભાગ્યે જ એકાદ પ્લેટ એવી હતી જેમાં કોઈ વસ્તુ છાંડવામાં આવી ન હતી.

આપણો દેશ વીકાસશીલ દેશ છે. હજુ આપણે વીકાસ કરવાનો છે, તેવી વાતો કરતા આપણે થાકતા નથી. અરે, ઘણીવાર તો અપચો થઈ જાય તે રીતે ગાઈ–વગાડીને વીકાસ વીકાસની રટ માંડીએ છીએ; પરન્તુ જે દેશના કરોડો લોકોને બે ટંક અન્ન મેળવવાના ફાંફાં હોય, તે દેશમાં આવો અન્નનો બગાડ કેમ આપણને કઠતો નથી? શા માટે આપણા કોઈ પણ તહેવારની ઉજવણી અન્નના દુર્વ્યય વીના શકય ન બને? વર્ષે 44,000 કરોડ ટન અનાજ, ફળ–ફળાદી–શાકભાજીનો બગાડ આપણા દેશમાં થાય છે. તે માટે સરકાર એકલી તો જીમ્મેદાર નથી ને? એક અન્નનો દાણો પણ વેસ્ટ જાય તો તે રાષ્ટ્રીય શરમ લેખાવી જોઈએ. કારણ કે કોઈ પણ દેશ કે રાષ્ટ્રનો વીકાસ તો જ શકય બને, જો સરકારની સાથે નાગરીક પણ ખભેખભા મીલાવીને કામ કરે. માત્ર દેશના લોકો કે સરકાર એકલા હાથે આ કામ કરી ન શકે.

સહીયારી ભાગીદારી હોય તો જ વીકાસ શક્ય બને. પણ તે માટે સૌથી જરુરી છે કે **આપણે કુદરતી સ્રોતનો બચાવ કરવો. આખરે અનાજના એક દાણાને ઉગવા માટે માટી–ખાતર–પાણી–પરસેવો આપવાં પડે છે. તો તમે એક દાણાનો વ્યય કરો તે કુદરતી સ્રોતનો વ્યય કરવા બરાબર છે. આ દેશમાં એવો કાનુન કેમ ના બને કે અન્નના એક દાણાને પણ વેડફે તેને ગમ્ભીર ગુનો ગણવામાં આવે? હજુ આપણાં ઘરોમાં સ્ત્રી જ અન્નપુર્ણાનું રુપ છે; તો અન્નપુર્ણાને હાથે જ અન્નનો વ્યય તે કેટલું યોગ્ય?**

એક મીત્રએ વૉટ્સઍપ પર એક મેસેજ શેર કર્યો હતો. યુરોપ ખંડનો દેશ જર્મની વીકસીત દેશની યાદીમાં આવે છે. ત્યાં એક રેસ્ટોરન્ટમાં બે–ત્રણ ભારતીય જમવા ગયા. ઓર્ડર પ્રમાણે ડીશીસ સર્વ થઈ ગઈ. બધી જ વસ્તુ ખાઈ ન શકાઈ એટલે તેને એમ જ ટેબલ પર છોડી દીધી. તે ભારતીયની બાજુમાં ડીનર લઈ રહેલાં એક જર્મન બહેને તેમને ટોક્યા કે તમે આટલું ભોજન કેમ છોડી દીધું છે? તે વાત પેલા ભારતીયને કઠી. તેમણે ઉદ્ધતાઈથી જવાબ આપી દીધો કે આ બાબતમાં તમારે પંચાત કરવાની જરુર નથી. એ ભોજન અમે ઓર્ડર કર્યું હતું ને બીલ અમે ચુકવવાના છીએ. ટુંકમાં કહીએ તો, ‘ઈટ્સ નન ઓફ યોર બીઝનેસ’ તેવું કંઈ સંભળાવ્યું. પેલી જર્મન લેડીએ આ વાતની જાણ રેસ્ટોરન્ટના મેનેજરને કરી. મેનેજરે તરત પોલીસને ફોન કર્યો અને પોલીસે આવીને પેલા ભારતીય ગેસ્ટ્સને સો યુરોનો દંડ કર્યો. કારણ કે જર્મનીમાં અન્ન છાંડવું કે પડતું મુકવું તે ગુનો ગણાય છે. આખરે **અન્ન પણ કુદરતની દેણ છે ને! તેથી કુદરતના કોઈપણ**

રીસોર્સીસનો બગાડ કે વ્યય કરવાનો અધીકાર માનવને નથી જ; કારણ કે કુદરતે આપેલાં કણકણ પર કીડીથી લઈને હાથીનો હક્ક છે, તે વાત આપણે અન્નનો વ્યય કરતી વખતે કેમ ભુલી જઈએ છીએ? જો જર્મની જેવો વીકસીત દેશ પોતાના કુદરતી સોર્સને બચાવવાની આટલી ખેવના કરતો હોય તો ભારત જેવા વીકાસશીલ અને ગરીબ દેશને તો અન્નનો આટલો બગાડ કેમ પોસાય?

એક પડોશીને ત્યાં માતાજીનું સ્થાપન હતું. ખાસ ભાર આપીને કહ્યું હતું કે અમારે ત્યાં 'ચણા ઉછળશે' તે જોવા આવજો. દેશી ચણાને, મીઠું નાંખીને પકવીને, પ્રસાદરુપે ધરાવાયા હતા. પછી બધા આમન્ત્રીતોની હાજરીમાં તેને લીટરલી ઉછાળવામાં આવ્યા! જે હાથમાં ઝીલી શકયા તે પોતાને અહોભાગી માનતા હતા અને તેથી તેમના ચહેરા પર વીજયી સ્મીત અને જે તેમ ન કરી શકયા તે પોતાને કમનસીબ માને! પણ અન્ન ઉછળે છે કે તેનો બગાડ થાય છે, તે માટે કોઈના ચહેરા પર અફસોસનો ભાવ ન હતો. અન્નપુર્ણા જ અન્નનો વ્યય કરતી અટકે તો જ અન્નનો મહીમા થયો ગણાય.



<u>8</u>

તમને શું જોઈએ છે : 'રાધેમા' કે 'રુવેદા સલામ'?

અનુક્રમણીકા



બે તહેવારો આવતા શનીવારે છે, પન્દરમી ઓગસ્ટ આપણો સ્વતન્ત્રતા દીવસ અને હીન્દુ ધર્મના પવીત્ર મહીના શ્રાવણની શુભ શરુઆત. તેની પુર્વ સંધ્યાએ આજે બે સ્ત્રીઓ વીશે વાત કરવી છે. એક તો છે છેલ્લા કેટલાય દીવસોથી ટી.વી. મીડીયા તથા સોશીયલ સાઈટ પર ધુમ મચાવતાં રાધેમા અને બીજા છે કશ્મીર વેલીના કુપવારા જીલ્લામાંથી ભારતીય સીવીલ સર્વીસની એક્ઝામ પાસ કરનારાં પહેલાં મુસ્લીમ મહીલા રુવેદા સલામ.

પહેલાં વાત રુવેદા સલામની. જન્મે મુસ્લીમ અને છેલ્લાં કેટલાંય દસકાથી અસલામતી અને અશાન્તીથી ખદબદતી કશ્મીર વેલીમાં જન્મનાર સુશ્રી રુવેદા સલામનું નાનપણથી સપનું હતું કે ભારતીય સીવીલ સર્વીસમાં જવું. કશ્મીર વેલીના જાણીતા દુરદર્શન કેન્દ્રના ડેપ્યુટી ડીરેક્ટર જનરલ અને ખુલ્લી વીચારસરણી ધરાવતા પીતાના પ્રેમે, રુવેદાના સીવીલ સર્વીસમાં જવાના નીર્ણયને પ્રોત્સાહન મળ્યું. પણ યુ.પી.એસ.સી.ની એક્ઝામ પાસ કરવી તે ખાવાના ખેલ નથી. એટલા માટે રુવેદાએ સ્કુલ પછી કશ્મીરની સરકારી કૉલેજમાંથી એમ.બી.બી.એસ. કર્યું. જેથી સીવીલ સર્વીસની પરીક્ષામાં સફળ ન થાય તો પણ એક ડૉક્ટર તરીકેની કરીયર બની શકે. મુસ્લીમ અને સ્ત્રી હોવાના નાતે રુવેદાને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. કુપવારામાં જન્મેલી આ છોકરી માટે કશું સામાન્ય ન હતું. સતત કાશ્મીર વેલીમાં ચાલતા આતંકવાદી હુમલા, હડતાળ ને બન્ધના કારણે ભણવામાં સતત કોન્સન્ટ્રેશન જાળવી રાખવું અઘરું હતું. અધુરામાં પુરું મુસ્લીમ સમાજમાં છોકરીઓને બહુ નાની ઉમ્મરે પરણાવી દેવામાં આવે છે. તેથી સગાં–સમ્બન્ધીઓનાં અનેક દબાણ છતાં; રુવેદાનાં માતા આ બધી મુશ્કેલીઓ સામે અડીખમ ઉભાં રહ્યાં. જેને કારણે બીજા બધા સામાજીક કે રાજકીય પ્રશ્નોને બાજુ પર મુકીને રુવેદા પોતાની જીવનપરીક્ષામાં સફળ બન્યાં.

કશ્મીર વેલીમાં રહીને તેમને યુ.પી.એસ.સી.ની એક્ઝામ માટે જોઈએ તેવી સવલત ન હતી મળી. કારણ કે ત્યાં તેવા કોઈ કોંચીગ ક્લાસ ચાલતા ન હતા. રુવેદાએ પોતાના સ્ટડી માટે ફેસબુક (સોશ્યલ

મીડીયા) અને ઈન્ટરનેટનો ભરપુર ઉપયોગ કર્યો. વળી જરુરી પુસ્તકો તેમણે દીલ્હીથી પણ મંગાવ્યાં. યુ.પી.એસ.ની પરીક્ષા આપતાં પહેલાં તેમણે જમ્મુ અને કશ્મીરની સ્ટેટ સર્વીસ એક્ઝામ આપી. તે સમયે તેઓ એમ.બી.બી.એસ. થઈને શ્રીનગરની સીવીલ હૉસ્પીટલમાં ઈન્ટર્નશીપ કરતાં હતાં. તેથી તે હૉસ્પીટલમાં જોબ સમયે પુસ્તકો લઈને જતાં. જે ફ્રી સમય મળે તેમાં વાંચતાં. એકવાર રાજ્ય કક્ષાની પરીક્ષા પાસ કરી પછી તેમણે મેડીકલ ફીલ્ડ છોડ્યું. છ મહીનાની ટ્રેનીંગ પછી તેમનું પોસ્ટીંગ પણ થયું. એક વર્ષ તેમણે કે.એ.એસ. ઓફીસર તરીકે જૉબ પણ કરી. તે દરમીયાન યુ.પી.એસ.સી.ની એક્ઝામની તૈયારી તો ચાલતી જ હતી. પણ ચાલુ સર્વીસે વાંચવા માટે કેટલો સમય મળે? તેમના સીનીયર ઓફીસરને ખબર પડી કે રુવેદા યુ.પી.એસ.સી. એક્ઝામની એન્ટ્રન્સ ટેસ્ટ પાસ કરી છે ને હવે મેઈન એક્ઝામની તૈયારી કરે છે. એટલે તેમણે રુવેદાને વીસ દીવસની રજા પાસ કરી આપી. રુવેદા કહે છે તે વીસ દીવસને કારણે જ તેમના રેન્કમાં ઘણો ફેર પડ્યો. તે પછી તેમને ટ્રેનીંગ માટે બેંગ્લોર મોકલવામાં આવ્યાં. ત્યાં ફીઝીકલ અને મેન્ટલ સખત તાલીમ લીધી. આઠ મહીના પહેલાં તેમની ચેન્નાઈ આઈ.પી.એસ. ઓફીસર તરીકે નીમણુક થઈ.

રુવેદા માને છે કે દેશદાઝ હોય તો તમે કોઈપણ પ્રોફેશનમાં હોવ, પછી તે જર્નાલીઝમ હોય કે મેડીસીન હોય કે પછી બીઝનેસમેન તમે દેશ માટે સેવા કરી શકો છો. બસ, દેશ માટે કશું કરવાની તાલાવેલી હોવી જોઈએ. રુવેદા કહે છે કે હું મારા ધર્મને દોષ નથી આપતી; પણ એ વાત સાચી છે કે મુસ્લીમ સ્ત્રીઓનાં લગ્ન બહુ નાની

ઉમ્મરે કરી દેવામાં આવે છે. સત્તાવીસ વર્ષીય ડૉ. રુવેદા સલામ કહે છે કે તેઓ ત્યારે જ લગ્ન કરશે જ્યારે તેમને તેમના જેવો એજ્યુકેટેડ છોકરો મળશે. રુવેદાનો સકસેસ મન્ત્ર છે 'હાર્ડ વર્ક અને ટોટલ ફોકસ ઓન ધ ગોલ'. ઘણા લોકો તેમને વીવાદાસ્પદ સવાલ પુછીને પરેશાન કરતા હોય છે, તેના માટે સલામ કહે છે કે પોતે હમ્મેશાં વીવાદાસ્પદ ટીપ્પણી કરવાનું ટાળ્યું છે. જેથી તેઓ ફોકસ ગુમાવ્યા વીના પોતે જ કરવા ઈચ્છે છે તે કરી શકે.

સ્ત્રી ધારે તો શું કરી ન શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે રુવેદા સલામ. ને સ્ત્રી ધારે તો ન કરવા જેવું પણ કેટલું કરે તેનું ઉદાહરણ, એટલે રાધેમા. પીસ્તાલીસ વર્ષ(સાચી ઉંમર રાધેમા જાણે!)ની આ સ્ત્રીનાં દર્શન માટે તેમના દરબારમાં શ્રીમન્તોની લાઈન લાગે છે. આ દેવીને મોડર્ન વસ્ત્રો કે હીન્દી ફીલ્મ આઈટેમ સોંગનો વાંધો નથી. રાધર તેમના દરબારમાં આ ગીતો પર રાધેમા અને તેમનાં બાળકો–ભાવીકો ડાન્સ કરે છે. વળી ભક્તો તેમને તેડી લે કે ઉંચકી લે કે તેમને ભેટે કે તેઓ તેમને ભેટે તેનો કોઈ બાબતનો વીરોધ તેઓ નથી કરતાં; રાધર ભક્તો તેમને તેડે ને ડાન્સ કરે કે તેમને ચુમ્બન કરે તેવું તેમના દરબારમાં સામાન્ય થઈ પડ્યું. જો કોઈને વીરોધ હોય તો તેઓ જાણે. પણ રાધેમા મોડર્ન મા છે, તેઓ હેવી મેકઅપ ને અને ડેઈલી સોપની હીરોઈન્સને પણ ટક્કર મારે તેવાં ઘરેણાં અને સેંકડો ફુલોના હારતોરા પહેરીને ફરે છે. તેમને ઓછાં કે આછાં વસ્ત્રોનો છોછ નથી. તેમની સાથે ડાયરેક્ટ ભગવાન પણ વાત કરે છે તેવો તેમનો દાવો છે. પરમ્પરાગત હીન્દુ ધર્મનાં સાધ્વી કરતાં તેમની પહેચાન અલગ છે. કારણ કે તેઓ સંસારી

છે. તેમના લગ્ન સત્તર વર્ષની ઉમ્મરે થયાં હતાં. તેમને બે પુત્રો થયા ને પતી ટેલરીંગ કામ માટે દોહા જતો રહ્યો. પછી તેમણે બાવીસ વર્ષની ઉમ્મરે પરમહંસ બાગ ડેરાના મહન્ત રામદીન દાસ 1008 પાસે દીક્ષા લીધી. તે પછી મુમ્બઈના મીઠાઈની ચેઈન શૉપ 'એમ. એમ. મીઠાઈવાલા'ના ચેરમેન મનમોહન ગુપ્તાના ઘરે મુમ્બઈ શીફ્ટ થયાં. ત્યાં તેમણે આ 'સુખવીન્દર કૌર' નામધારી સ્ત્રીને 'રાધેમા' તરીકે લોકો સામે પ્રોજેક્ટ કર્યા. રેસ્ટ ઈઝ ધ હીસ્ટ્રી! અર્ધ શીક્ષીત અને ગામડીયણ આ બહેન, રાતોરાત દેવી બની ગયાં! આજે તેમના દરબારમાં શ્રીમન્ત અને ફીલ્મસ્ટાર્સ, તેમની દૈવી કૃપા મળે તે માટે લાઈન લગાવે છે.

પણ નીક્કી ગુપ્તા નામની આ ગુપ્તા પરીવારની વહુએ તેના પતી નકુલ ગુપ્તા અને બીજા પાંચ સાસરીયાં તથા રાધેમા વીરુદ્ધ મુમ્બઈ પોલીસને ફરીયાદ કરી કે તે દહેજ માટે એને હેરાન કરે છે. કાલ સુધી ભક્તોના દરબારમાં રંગેચંગે ડાન્સ કરતાં રાધેમા રાતોરાત રડવા કકળવા માંડ્યાં છે કે તેઓ નીર્દોષ છે. તેમની બે વહુઓ પણ રોયલ ફેમીલીમાંથી આવે છે. જો તેમની પાસેથી તેમણે દહેજ ન માંગ્યુ હોય તો નીક્કી જેવી ગરીબ મહીલા પાસેથી તો કેમ માંગે? ખેર, મુમ્બઈ પોલીસ એનું કામ કરશે. પણ આવાં રાધેમાને દેવી તરીકે પુજતા આપણા લોકો વીશે શું કહેવું?

શ્રાવણ મહીનો હીન્દુ ધર્મનો પવીત્ર મહીનો ગણાય છે; પણ તેમાં આજકાલ અન્ધશ્રદ્ધાનું ભારોભાર મીશ્રણ થઈ ગયું છે અને એટલે જ આવાં રાધેમા જેવાં કીમીયાગરો સમાજમાં ફુલેફાલે છે. શ્રાવણ

માસમાં હીન્દુઓનાં ઘરેઘરે ઉપવાસો, સત્યનારાયણની પુજા અને બીજાં અનેક ધાર્મીક વીધીવીધાન થતાં હોય છે. જાણે વર્ષમાં એક જ મહીનામાં દાન–ધરમ કરીને, વર્ષભર કરેલાં પાપ ધોઈને પુણ્ય કમાઈ લેવાનું હોય! સમાજમાં આવાં રાધેમા સાધ્વી તરીકે સફળ પ્રેક્ટીસ કરી શકે છે તેને માટે આપણે જ જવાબદાર છીએ. જીવનમાં મુશ્કેલીઓ તો કોને નથી હોતી? પણ આવાં રાધેમા જેવા ધુતારાનો સહારો લઈને શોર્ટકટથી મુશ્કેલી દુર કરવાના ઉપાય કરતાં જ આપણે ભેરવાઈએ છીએ. નાનાંમોટાં બધાં મન્દીરોમાં દર્શન સમયે થતી ભાગદોડને કારણે દર વર્ષે આપણે ત્યાં અનેક લોકો ઈજા પામે છે કે મરે છે; પણ આપણી મન્દીર તરફની દોટ અટકતી નથી! શા માટે તમે ધાર્મીક છો તેવું દેખાડવા માટે પણ મન્દીર જવું પડે? શા માટે આપણને રાધેમાની જરુર પડે? કારણ કે આપણને સફળતા માટે શોર્ટ કટ જોઈએ છે. બસ, જલદી સફળ તો થઈ જવું છે; પણ તેને માટે સખત તો શું જરાયે મહેનત નથી કરવી.

આપણી ગુજરાતી કહેવત છે : 'ગામમાં લોભી હોય ત્યાં ધુતારા ભુખે ન મરે.' તેથી રાધેમાને દોષ આપતાં પહેલાં આપણા ગરેબાનમાં ઝાંકવાની જરુર છે કે તમે ધર્મના નામે કોઈ ડામીશને તો પુજતા નથી ને? ને શા માટે ભગવાન અને તમારી વચ્ચે આવા 'કમીશન એજન્ટ'–વચેટીયાની જરુર તમને પડે? કણકણમાં ઈશ્વર છે જ; તો પછી ઈશ્વરને તે કણકણમાં જ શોધી લેવો ઘટે.

આશ્ચર્ય એ છે કે વીકીપીડીયા પર પણ રાધેમા વીશે અનેક માહીતી ફોટા ઉપલબ્ધ છે; પણ દેશના કશ્મીર સ્ટેટની પહેલી

યુ.પી.એસ.સી એક્ઝામ પાસ કરનાર મુસ્લીમ મહીલા રુવેદા વીશે કોઈ એક પેજ પણ નથી!

તે જ દેખાડે છે કે લોકોને શું જોઈએ છે.. 'રાધેમા' કે 'સલામ રુવેદા'!

♦ રેડ ચીલી ♦

Education is the basic tool which will empower women,

make them financially independent,

help them make the right choices

... Ruveda Salam ...



9

સ્ત્રી છો એટલે : કુછ પાને કે લીયે કુછ દીખાના જરુરી હૈ?

અનુક્રમણીકા

એક યુવા મીત્રએ શેર કરેલો એક કીસ્સો : એન્જીન્યરીંગના સ્ટુડન્ટને તેના સેલફોનમાં સ્ક્રીનગાર્ડ કવર લગાવવું હતું, એટલે તે એક જાણીતા સેલફોન કમ્પનીના સર્વીસ સેન્ટરમાં ગયો. હજુ તો ત્યાંના શૉપકીપર સાથે વાત કરતો હતો, ત્યાં લેટેસ્ટ ડીઝાઈનના વસ્ત્રો પરીધાન કરીને ત્રણ કૉલેજ ગર્લ્સ આવી. ત્રણેય કન્યાનો લુક આંખ ઠરે તેવો હતો. કદાચ તેમને જોઈને કોઈ છોકરાની દીલની ધડકન પણ વધી જાય! પેલા કૉલેજીયન છોકરાની જેમ બીજા પણ બે ત્રણ કસ્ટમર તે સર્વીસ સેન્ટરમાં હતા; પણ તે બધાંને અવગણીને પેલી છોકરીઓ પોતે જ આ સેન્ટરમાં પધારનાર પહેલી વ્યક્તી હોય તેમ સીધી જ દુકાનદાર સાથે વાત કરવા લાગી.. ત્રણેય છોકરીઓએ મધમીઠા અવાજે શરુઆત કરી. અમારે સેલફોનમાં કવર લગાવવું છે. કવર દેખાડશો? અને પેલા સર્વીસ સેન્ટરના ત્રણેય ઍટેન્ડન્ટ પણ બીજા બધાં કસ્ટમરને ભુલીને પેલી છોકરીઓ એક્સટ્રીમ ઈમરજન્સીમાં હોય, તેમ તેમને ટ્રીટ કરવા લાગ્યા.. કયું કવર સારું, કયો કલર સારો લાગે, કેટલી ગેરેન્ટી મળે, પાણીમાં પડે તો સેલફોન ડેમેજ થાય, કેટલાં પરસેન્ટ ડીસ્કાઉન્ટ મળે કે કેમ તેવા અગણીત કામના કે નકામા સવાલ જવાબની રમત ચાલુ થઈ ગઈ. સાથે સાથે તેમનું કામ પણ થવા લાગ્યું. ફટાફટ સેલકવર્સ

બોકસમાંથી ખુલી ખુલીને કાઉન્ટર પર ઠલવાયા. અને પેલી ત્રણેય છોકરીઓના સેલફોનમાં લગાવવાનું શરુ થઈ ગયું. અન્તે પેલો એન્જીન્યીરીંગ સ્ટુડન્ડ કંટાળ્યો. તેણે જરા કડક અવાજે કહ્યું કે, ભાઈ હું આ બધી છોકરીઓ આવી તે પહેલાં આવ્યો હતો. તો જરા મારો પ્રૉબ્લેમ પણ સાંભળો. જવાબમાં પેલા દુકાનદારે કહી દીધું વાર લાગશે ઉતાવળ હોય તો પછી આવ જો.

એક વાત ગમે તેટલાં લોકો નકારે પણ હકીકત એ છે કે સારી–સુન્દર દેખાતી છોકરીઓ કે સ્ત્રીઓને જોઈને પુરુષ તેની સાથે વાત કરવા આકર્ષાય છે. સહજ કહો કે નૈસર્ગીક કહો; પણ પુરુષ સુન્દર–સારા ફીગરવાળી સ્ત્રીને જોઈને તેની સાથે વાત કરવા–તેના સમ્પર્કમાં કે તેની ગુડબુકમાં આવવાનો મોકો છોડતો નથી. તેથી વધારે ફાયદો મળે તો પણ તે લાભ કે તક ગુમાવતો નથી. અને હવે તે હકીકત આજની વામા પણ જાણતી થઈ છે એટલે તે યેનકેન પ્રકારે પોતે સ્ત્રી છે તે બાબતનો ફાયદો ઉઠાવતા શીખી છે. આજકાલ આવા અનેક કીસ્સા જોવા કે સાંભળવા મળે છે જેમાં છોકરીઓ પોતે છોકરી છે અને માટે ઘણો ફાયદો મળી શકે તેમ છે તે જાણી–સમજીને ગમે તે પરીસ્થીતીમાં પોતાનો રસ્તો કાઢવામાં સામેવાળી વ્યક્તી પુરુષ છે તેથી તેની સાથે લટુડા–પટુડા કરીને તેનો ફાયદો ઉઠવવાનો મોકો છોડતી નથી. કોઈ કહેશે કે તેમાં ખોટું શું છે? સ્ત્રી થોડી કહે છે કે હું સ્ત્રી છું એટલે તમે મને વધારે મહત્વ આપો? કે હું બ્યુટીફુલ છું એટલે મારી પાછળ ભમો? એ તો પુરુષની વૃત્તી તેવી છે કે તે બ્યુટીફુલ છોકરીઓથી આકર્ષાયને ફુલ પર ભમરો ભમે તેમ ભમવા આવી જાય છે; પણ જો આજે આ

નવા મીલેનીયમમાં આપણે બધામાં જ સ્ત્રી હકની, સ્ત્રી સ્વતન્ત્રતા કે સમાનતાની વાત કરતા હોઈએ તો પછી આ બાબતમાં કેમ આપણે સ્ત્રી થઈને તેવો આગ્રહ નથી રાખતા? કેમ આપણે સ્ત્રી છીએ એટલે તેનો ફાયદો ઉઠાવવાનો શોર્ટકટ શોધીએ છીએ? આમ તો આપણે સ્પેસમાં વીહરવાની વાત કરીએ છીએ. અમને એટલે કે સ્ત્રીને પણ પુરુષની જેમ સમાન હકો મળવા જોઈએ. સમાન એડ્યુકેશન, સમાન ઉછેર અને સમાન તકની વાત કરવામાં આપણે પાછા પડતા નથી, તો સમાન વ્યવહાર પણ કેમ નહીં? કે પછી આપણી સમાનતા કે આપણા સમાનતાના ધોરણો ખોખલા છે? જ્યારે જરુર પડે ત્યારે સ્ત્રી હોવાનો જેટલો ફાયદો મળે તેટલો ઉઠાવી લેવાનો અને જ્યાં દાળ ના ગળે ત્યાં સમાનતાના જાપ જપવાના? સોરી ટુ સે, જો તમે આવું કરતા હોવ એટલે કે જ્યાં જરુર પડે ત્યારે સ્ત્રી હોવાની હકીકતનો ફાયદો ઉઠાવતા હોવ તો તમને હક નથી કે તમે સમાનતાની વાત કરો. સમાનતાની પહેલી શરત બધા જ વ્યવહારમાં સમાનતા પ્રયોજવી–આચરવી તે છે; પણ ના આપણે તેમ ઈચ્છતા નથી. આપણને સગવડીયો ધર્મ ફાવે છે કે કોઠે પડી ગયો છે. કહો કે પરીસ્થીતીનો ફાયદો ઉઠવવાનું ગમે છે.

સ્ત્રી થઈને તમે સ્ત્રી હોવાનો ફાયદો એક પરીસ્થીતમાં ઉઠાવશો કે તેવો પ્રયત્ન કરશો તો જરુર બીજા પણ એટલે કે પુરુષ પણ તે બાબતનો ફાયદો ઉઠાવવાનો પ્રયત્ન કરશે જ. તેનુ એક એક્ઝામ્પલ. સાઉથ સુપર સ્ટાર એક્ટર કમલા હસનની સાયલન્ટ ફીલ્મ ‘પુષ્પક’માં એક દૃશ્ય ફીલ્માવાયું છે. ચાલી જેવી બીલ્ડીંગની ગેલેરીમાં એક ઘાટણ સફાઈ કરી રહી છે. તેણે ટીપીકલ નવવારી મહારાષ્ટ્રીયન સાડી પહેરી

છે. તેના સાડલાનો છેડો તેણે એવી રીતે ખોસ્યો છે કે તેના બ્લાઉઝમાંથી તેની ક્લીવેઈજ દેખાય. એક મીડલએઈજડ અંકલ ટાઈપ પુરુષ ગેલેરીમાં ઉભો ઉભો સ્મૉક કરી રહ્યો છે. પેલી ઘાટણ કચરો વાળે છે અને વાંકી વળે છે એટલે તેની ક્લીવેઈજ વધુ સ્પષ્ટ બને છે. પેલા અંકલ સીગારેટની રાખ જાણી જોઈને ફરસ પર ખેરવે છે. અને પેલીને ત્યાં ઝાડુ મારવા કહે છે. સૉરી કહેતા નથી ઈશારો કરે છે. કારણ કે ફીલ્મ તો સાયલન્ટ હતી. પુરુષના મનનું બહુ આબાદ ચીત્રણ તે નાનકડાં એક બે મીનીટના દશ્યમાં બરાબર ઝીલાયું છે. બસ દેખના હે દીખાનેવાલા ચાહીયે. પુરુષ સારો છે ખરાબ છે તેવું અનેકવાર કહી ચુકાયું છે; પણ તે વાત કેટલી સ્ત્રીઓ સ્વીકારે છે કે પુરુષને છુટો દોર આપવામાં કે તેમને પોતાના ભણી લલચાવવામાં સ્ત્રીઓનો ફાળો પણ હોય છે? કદાચ સ્ત્રીને જોઈને લટુડા પટુડા થતા પુરુષો જેટલો જ વાંક તેમને તેવા મોકો પુરા પાડવા માટે સ્ત્રીઓ પણ જીમ્મેદાર છે?

હક અને ફરજ એક સીક્કાની બે બાજુ જેવા છે તેમ સમાનતા અને સ્વતન્ત્રતા પણ સીક્કાની બે બાજુ જેવા છે. એ તો તમારા પર જ નીર્ભર રહે છે કે તમે સીક્કાની કંઈ બાજુને મહત્ત્વ આપો છો. એક યુવા છોકરીએ તેની સાથીનો કીસ્સો કહ્યો. કૉલેજના સમર વેકેશનમાં એમ.એસસી.ની બે ગર્લસ્ટુડન્ટને એક સારા સ્પેસ સેન્ટરમાં ઈન્ટર્નશીપ કરવાનો મોકો મળ્યો. રીસર્ચ સેન્ટરમાં આ બન્ને છોકરીઓના ગાઈડ તરીકે પીએચ.ડી. કરીને હજુ નવા જ દાખલ થયેલાં બે મેઈલ એમ્પલોયીની નીચે આ છોકરીઓની ઈન્ટર્ન તરીકે ગાઈડ કરવાની અને શીખવાની જવાબદારી સોંપવામાં આવી. બન્ને છોકરીઓ પોતાના

ઘરેથી તૈયાર થઈને નીકળતી હતી, ત્યારે એક છોકરીએ જોયું કે તેની ફ્રેન્ડના ટ્યુનીકની નેકલાઈન થોડી વધારે લૉ છે. એટલે બીજી છોકરીએ તેને સજેસ્ટ કર્યું કે તે બીજું કશું પહેરી લે, આજે ટ્રેઈનીંગનો પહેલો દીવસ છે અને આવો ડ્રેસ પહેરીને જઈએ તો કદાચ ખરાબ ઈમ્પ્રેશન પડે. તેના જવાબમાં પેલી મોર્ડન ગર્લ બોલી, 'લે છોકરી હોવાનો ફાયદો મળતો હોય તો કેમ ન ઉઠાવવો? થોડું દેખાડીને કામ થતું હોય તો શું વાંધો છે?'

સમાનતામાં શોર્ટકટ કયાં આવ્યો? પણ કદાચ આ નવા મીલેનીયમની નવી શોધ છે. કદાચ આટલાં વર્ષોથી પુરુષ સ્ત્રીના સ્ત્રીહોવાપણાંનો ફાયદો ઉઠાવતો આવ્યો છે તે જ રાહ પર હવે, સ્ત્રી જાતે જ સ્ત્રીહોવાપણાંનો ફાયદો ઉઠાવી રહી છે. બન્ને વાતમાં હકીકતમાં અપમાન કહો કે અવગણના તે તો સ્ત્રી માનવ અસ્વીકારની જ છે. સ્ત્રી બનવું કે પુરુષ બનવું તે નક્કી કરનાર તો કુદરત છે; પણ તમે કેવા સ્ત્રી કે પુરુષ બનશો તે તો તમારા જ હાથમાં છે. એટલે કશે પણ સ્ત્રી હોવાનો ફાયદો ઉઠાવવો કે સામાવાળાને તમારા સ્ત્રી હોવાપણાનો ફાયદો ઉઠાવવાની તક આપો તો હાર તો તમારી એક માનવ તરીકેની છે જ. જો તમે તમારું કામ કઢાવવા માટે તમારું માનવપણું પડતું મુકીને સ્ત્રીતત્વને આગળ કરતા હોવ તો તમારી એક સ્ત્રી તરીકે હાર જ હાર છે; કારણ કે આખરે કુદરતે તમને સ્ત્રી બનવાની તક આપી છે તેની સાથે સારા માનવ બનવવાની જીમ્મેદારી પણ સોંપી છે. તો તમારે માત્ર સ્ત્રી બની રહેવું છે કે માનવ પણ બનવું છે? બૉલ ઈઝ ઈન યોર કોર્ટ.


તમારે કેવી સ્ત્રી બનવું છે સમાનતાની વાત કરતી કે સમાનતાનું આચરણ કરતી?

♦ રેડ ચીલી ♦

Women always worry about the things that men forget;

men always worry about the things women remember.

...Marjorie Kinnan Rawlings...



10

સમાજમાં સ્ત્રીની ભુમીકા : ઓર્થોડોક્સીઝમનું માત્ર સોફીસ્ટીકેશન?

અનુક્રમણીકા

કહેવાય છે કે કલાએ જીન્દગીનો પડઘો છે, પછી તેનું રુપ ગમે તે હોય, સંગીત, પેઈન્ટીંગ, નૃત્ય, ફીલ્મ કે સાહીત્ય જેમાં જીવન ઝીલાતું હોય. આજની એકવીસમી સદીમાં જીવનનું પ્રતીબીમ્બ ઝીલતી કલાઓના રુપનું વીસ્તરણ થયું છે, અને તે છેક ટી.વી. અને ઈન્ટરનેટ પરની સોશ્યલ સાઈટસ સુધી લમ્બાયું છે. આર્ટ્સના વીવીધ માધ્યમ દ્વારા દુનીયાનો લેટેસ્ટ ટ્રેન્ડ જાણવા મળે. આજનો માણસ શું વીચારે છે કે શું ખાય પીવે છે? તેના જીવનમુલ્યો, લાઈફસ્ટાઈલ એટ્સેટ્રા... એટ્સેટ્રા... અને આ બધાંનું કલાજગતમાં જીવનનું કેવું પ્રતીબીમ્બ ઝીલાય છે તેના એક બે એક્ઝામ્પલસ. માઈન્ડ ઈટ કલાએ આપણાં સમાજનો આયનો છે.

વોશીંગ પાવડર નીરમાની એડ્ વર્ષોથી ટી.વી પર આવે છે; પણ આજે જે એડ્ ટી.વી પર બ્રોડકાસ્ટ થાય છે અને પહેલાં જે થતી તેમાં આસમાન જમીનનો ફરક છે. આજથી બે–ત્રણ દાયકા પહેલાં આવતી જાહેરાતમાં શું દેખાડવામાં આવતું હતું? તો જુદાં–જુદાં વર્ગની જુદાં જુદાં પ્રકારની મહીલાઓનો પ્રીય કે ફેવરીટ વોશીંગ પાવડર છે

નીરમા. ટુંકમાં કહેવું હોય તો હેમા, રેખા, જયા ઔર સુષ્મા સબકી પસન્દ નીરમા. લૉઅરકલાસથી શરુ કરીને હાઈસોસાયટીની મહીલાઓ વોશીંગ પાવડર બાબતે એક મત હતી, તેવું નીરમાની વીસ વર્ષ પહેલાં ટી.વી. પર આવતી એડ્થી સાબીત થતું. નોટેબલ વાત એ હતી કે દરેક વર્ગની સ્ત્રી આ જાહેરાતમાં સાડી જ પહેરીને કપડાં ધોતી કે ફીણ–ઝાંક કરતી દેખાડવામાં આવતી. અફકોર્સ વોશીંગ પાવડરની એડ્ હોય તો તેમાં કપડાં ધોવાતા જ દેખાડાય ને! તે સર્વસ્વીકાર્ય વાત છે. નથીંગ રોંગ ઈન ઈટ. પછી જરા નવા મીલેનીયમનો નવો યુગ આવ્યો. એટલે તેમાં થોડા ફેરફાર થયા. વોશીંગ પાવડર તેનો તે જ હતો; પણ તેમાંના પાત્રનો પહેરવેશ બદલાઈ ગયો. સાડીની જગ્યાએ સલવાર કમીઝ આવ્યા અને પુરુષ પાત્રનો પ્રવેશ થયો. હૅપી ફૅમીલી હોય તે નીરમા વોશીંગ પાવડર વાપરે તે ટાઈપની કંઈક ઈમેજ ઉભી કરવા કે પછી કપડાં ધોવામાં પુરુષનો પણ સહકાર હોય છે, તેવું કંઈક કે પછી પુરુષને પણ વોશીંગ પાવડરમાં રસ પડે છે; તેવું દર્શાવવાનો પ્રયત્ન હોય તેમ કહી શકાય. છેલ્લાં થોડાં મહીનાથી જે જાહેરાત ટી.વી. પર બ્રોડકાસ્ટ થાય છે તેમાં હજુ નામ તો જેમના તેમ જ છે. પણ પાત્રનો પહેરવેશથી લઈને તેમની સોશ્યલ ઈમેજનું પ્રેઝેન્ટેશન બદલાય ગયું છે. હેમા, જયા, રેખા ઔર સુષ્મા હવે વોશીંગ પાવડરની જાહેરાતમાં કપડા વોશ નથી કરતા. પણ એક ગાડી કીચડમાં ફસાઈ ગઈ છે તેને હીમ્મત, કુનેહ અને મહેનતથી બહાર કાઢતા દેખાડવામાં આવે છે. કોઈ પુરુષની મદદ વીના. કદાચ આજની સમાજવ્યવસ્થામાં સ્ત્રીની ભુમીકા બદલાઈ છે. માત્ર ઘરરખ્ખુ કામ જેમ કે રસોઈ બનાવવી, કપડાં–વાસણ ધોવા પુરતી જ

નથી રહી; પણ મલ્ટીડાયમેન્શનલ બની છે. કહેવાય છે કે કલાએ આપણાં સમાજનો આયનો છે; અને તો પછી આયનામાં દેખાતી વાતને નકારવી કેટલી યોગ્ય છે? જો સ્ત્રીની ભુમીકા સમાજમાં બદલાય હોય કે બદલાઈ રહી હોય તો તેને નકારવી તે વાત કેટલી યોગ્ય કહેવાય? પણ વાકેય હકીકતમાં સ્ત્રીની ભુમીકા સમાજમાં કે પહેરવેશમાં બદલાય છે? પછી ઓર્થોડોક્સીઝમનું માત્ર સોફીસ્ટીકેશન થયું છે?

એક ડૉકટર યુવતી, ચલો તેનું નામ કૃત્તી રાખીએ. તો કૃત્તીના લગ્ન ત્રણ ચાર મહીના પહેલાં સી.એ. થયેલાં અને સરસ પ્રેકટીસ કરતા છોકરા સાથે થયા. રાજસ્થાની પરીવાર સાસુ–સસરાં મોર્ડન એટલે કોઈ વાતની રોકટોક નહીં. જે પહેરવું હોય તે પહેરો અને જે ખાવું હોય તે ખાવ. નો પ્રૉબ્લેમ; પણ આ બધું ઘર કે ઑફીસ પુરતું. કશે સોશ્યલ ગેધરીંગ કે પછી લગ્ન–મરણ જેવા મેળાવડામાં જવાનું હોય તો સાસુ વહુને ધીરેથી કહે કપાળ પર જરા નાનકડી બીન્દી લગાવ. હેવી નહીં તો લાઈટવેઈટ મંગળસુત્ર પહેર. વહુ વીરોધ કરવા માટે નહીં; પણ આઈ ડોન્ટ લાઈક ઈટ તેવું કહે; પણ સાસુના મોં પર નારાજગી દેખાઈ એટલે વહુ કમને પણ મમ્મી જેવી મીઠાસ દેખાડતી સાસુને ખુશ રાખવા તેમ કરે. અને સાસુ રાઝી રહે તે માટે સેંથા પર પણ જરાક લીપસ્ટીકનો લાલ ટચ આપે જેથી સેંથો પુરેલો દેખાય. નાનકડું નહીં જેવું મંગળસુત્ર પણ પહેરે કારણ; તો કજીયાનું મોં કાળું. ચાલો તેમ ઍડજસ્ટ કરવાથી પણ સુખ–શાંતી ઘરમાં જળવાઈ રહે તો સારું જ ને! પણ, કોઈ પણ સ્પ્રીંગ દબાવવાથી ડબલ ફોર્સથી તે ઉછળે છે તે નીયમ વીસરાઈ ગયો. વહુ લગ્ન પછી પણ પોતાની સરનેઈમ પીયરની જ વાપરતી હતી;

કારણ કે તે નામે જ તે ડૉક્ટર તરીકે પ્રેકટીસ કરી ચુકી હતી. વળી તે જ શહેરમાં પરણી હતી એટલે તેની ડીસ્પનેસરી પણ તે જ હતી. માત્ર ઘર બદલાયું. પણ જેવા લગ્ન થયા એટલે જે કોઈ નજીકના લોકો હતા તેમને ત્યાંથી કોઈ નીમન્ત્રણ પત્રીકા કે કંઈક ઓફીશીયલ લેટર આવે તેમાં લખ્યું હોય કૃત્તી પારેખ શાહ. શરુઆતમાં આ બાબતને તેણે નાની ગણીને અવગણના કરી પણ એક દીવસ તેના ફેમીલીફ્રેન્ડ તેવા અંકલનો ઈમેલ આવ્યો, જેમાં તેમણે કૃત્તી પારેખ શાહ લખ્યું હતુ. કૃત્તીએ નારાજ થઈ ગઈ. અંકલને ફોન કરીને નારાજગી પ્રકટ કરી કે મારી સરનેઈમ પારેખ છે તે તમે હું જન્મી ત્યારથી જાણો છો તો શા માટે હવે પાછળ શાહ લખવાનું? તો જવાબ મળ્યો, 'પતીને માન આપવા માટે પતીની સરનેઈમ પાછળ લાગાવવી જોઈએ ને! ઐશ્વર્યા રાય બચ્ચન પણ તેમ કરે છે.' કેમ, ઐશ્વર્યા કરે તે કાયદો બની જાય, બધાંએ તેનું પાલન કરવાનું હોય! કૃત્તીને સૌથી વધુ ગુસ્સો તે બાબતનો છે કે એરો ગેરો નથ્થુખેરો પણ તેની ખરેખર સરનેઈમ કંઈ છે તે જાણ્યા વીના કૃત્તી પારેખ શાહ કે કૃત્તી શાહ પારેખ તેમ લખીને ઓફીશીયલ કોરસ્પૉન્ડન્સ કરે; પણ તેના પતીદેવને આવા સરનેઈમના પ્રોબ્લેમ લગ્ન પછી નડતા નથી. બીકોઝ હી ઈઝ અ મેન?

લગ્ન પછી સ્ત્રી પતીની સરનેઈમને અપનાવો તો જ તમે પતીને માન આપો છો કે પ્રેમ કરો છો તે સાબીત થાય છે? ભલે નહીં જેવું પણ મંગલસુત્ર પહેરો તો જ તમે લગ્ન કર્યા છે તેનું સર્ટીફીકેટ તમને મળે? ઘણી સ્ત્રીઓ કહેતી હોય છે કે મારા પતી અને સાસરીયા ખુબ સારા છે એટલે હું તેમની સરનેઈમ મારી સરનેઈમની પાછળ લગાવું છું; પણ

કોઈ પુરુષ તેમ કરે છે કે પત્ની મને ખુબ પ્રમે કરે છે કે તે ખુબ સારી છે એટલે હું તેની સરનેઈમ મારી સરનેઈમની પાછળ લગાવું? ધે ડોન્ટ નીડ ટુ શો બીકોઝ ધે આર મેન? કેમ પુરુષ કે સ્ત્રીને માપવાના માપદંડો માત્ર તેની જેન્ડર પરથી નક્કી થાય? શા માટે કોઈ વ્યક્તીને માત્ર તે માણસ છે તેમ ન માપવામાં આવે? કે પછી હવે સ્ત્રીઓ સ્વતન્ત્ર થઈ ગઈ છે અને સમાજમાં કયાંય કોઈ ભેદભાવ નથી થતા તેવું આપણે ગાઈ વગાડીને કહીએ છીએ; પણ અમલ કરવાનો આવે ત્યારે હતા ત્યાને ત્યાં જ. પેલી નીરમાની જાહેરાતમાં સ્ત્રીને પુરુષ સમોવડી કામ–કાજમાં દેખાડાય છે તેમ; પણ હજુ તેને નાનું નાનું મંગળસુત્ર પહેરવું પડે? નાની તો નાની બીંદી કરવી પડે? બબ્બે સરનેમઈ લાખવી પડે? બીકોઝ શી ઈઝ અ વુમન?

જેન્ડર ફ્રી શબ્દ તો બહુ સરસ છે પણ તેનો વાસ્તવીક અર્થ જીવનમાં ઉતારવો બહુ અઘરો છે. હજારો વર્ષથી ચાલી આવતી માનસીકતાને બદલવામાં સમય લાગે પણ ઘણીવાર સ્ત્રીને અન્યાય કરતા રીત–રીવાજોને ઘરમુળથી બદલવાના બદલે તેને સોફીસ્ટીકેશનનું નવું રુપ આપવું સમાજ માટે વધુ નુકસાનકારક સાબીત થાય તેમ બને. ખરેખર નાની બીંદી કે મગંલસુત્ર કે પછી સરનેઈમ બહુ મોટી વાત નથી; પણ મોર્ડન દેખાડાના નામે કે અમે મોર્ડન છીએ તેવું દેખાડવા માટેના ઓઠા હેઠળ આ બધું થાય તે ન ચલાવી લેવાય.

એક હાઈ એડ્યુકેટેડ–કરીયર ઓરીયેન્ટેડ યુવતી લગ્ન પછી પહેલીવાર મળવા આવી અને તેણે ઉપર મુજબનનું ડ્રેસીંગ એટલે કે

નાની બીંદી, નહીં જેવું મંગલસુત્ર સાથે જીન્સ–ટી શર્ટમાં જોઈ ત્યારે નીરમાની એડ યાદ આવી. પુછ્યું, 'આ બધાં શણગાર શા માટે?' જવાબ મળ્યો, 'મને તો બહુ ગમે છે. એટલે કરું છું.' કેમ કોઈ પુરુષને લગ્ન પછી તેમ કરવાનું મન નથી થતું? ઈટ્સ ઑલ અબાઉટ જેન્ડર જીન્સ? કે પછી એડ્યુકેશન આપણી માનસીકતા બદલી શક્યું નથી?

♦રેડ ચીલી♦

Education is an ornament in prosperity

and a refuge in adversity

...Aristotle...



11

નીવૃત્તી : એ ઝીરો નહીં; હીરો છે!

અનુક્રમણીકા

સચીન તેંડુલકરે આખરે નીવૃત્તી લઈ લીધી. તેની લાસ્ટ સ્પીચ લોંગ તો હતી જ; પણ સાથે સાથે લોંગ લાસ્ટીંગ પણ હતી. જીન્દગીની શરુઆત એટલે કે પાપા પગલી ભરતા જ જે કામ કર્યું હોય, તે કામ આમ છોડી દેતા જીવ કળીએ કળીએ કપાય તેમાં કશું અજુગતું તો નથી જ; પણ અજુગતી વાત તે લાગી કે સચીને કહ્યું : ''તેણે જીન્દગીમાં ક્રીકેટ સીવાય કશું કર્યું કે વીચાર્યું નથી એટલે તેને ખબર નથી પડતી કે હવે શું કરવું.'' સચીન સ્ટાર છે. લોકો તેને ક્રીકેટનો ગૉડ કહે છે. પણ આ ગૉડ ખુદ પોતાના ભવીષ્ય વીશે અન્ધકારમાં છે. એટલે કે નીવૃત્ત થઈને શું કરવું. સુનીલ ગવાસ્કરની જેમ ક્રીકેટ કૉમેન્ટર બની જવું કે પછી રવી શાસ્ત્રીની જેમ માઈક લઈને મેદાનમાં ઉતરી પીચ તપાસતા–પ્રેઝન્ટેશન સેરેમની હેન્ડલ કરતા પ્રેઝન્ટેટર–કમ–એન્કર બની જવું. નો ડાઉટ સીચનને ઘણું ઘણું કામ મળી રહેશે, કારણ કે તે ક્રીકેટનો ગૉડ છે; પણ આશ્ચર્યની વાત એ છે કે કયારેક તો તમારે નીવૃત્ત થવાનું જ છે તે નગ્ન સત્ય સ્વીકારતા ગૉડને પણ કેમ વાર લાગે છે? છેલ્લાં બે–ચાર વર્ષથી તો મીડીયામાં પણ સચીને નીવૃત્તી લેવી જોઈએ તે વીશે ચર્ચા થતી હતી. કેમ ક્રીકેટનો ગૉડ ગણાતો સીચન પણ નીવૃત્તીના ભયથી

થરથર કાંપે છે? કેમ હકીકત સામે હોવા છતાં હવાતીયાં મારવાની ટેવ માનવી છોડી શકતો નથી?

કોઈ કામ અનન્તકાળ સુધી તમે કરી શકતા નથી. તેની સમજણ આમ તો કુદરત જન્મતા જ તમને આપી દે છે. બાળક જન્મે ત્યારે સો ટકા માને આધીન હોય છે. ખાવું–પીવું–નહાવું–ધોવું તેમ બધી જ ક્રીયામાં તે પરાવલમ્બી હોય છે; પણ જેમ જેમ બાળક મોટું થાય છે તેમ તેમ સ્વાલમ્બી થતું જાય છે. એક પછી એક વસ્તુ છુટતી જાય છે. પહેલાં બોલતાં–ખાતાં–પીતાં–હરતાં–ફરતાં તેમ ક્રમબદ્ધ બધી વસ્તુ શીખાતી જાય છે. એટલે માણસ સતત કશું પામવા માટે કશુંક ગુમાવતો રહે છે. જેમ કે સ્તનપાન કરતું બાળક બોટલથી કે ગ્લાસથી દુધ પીવે ત્યારે માની નીકટતા ગુમાવે પણ સ્વાલમ્બન બનવા માટેનું પહેલું ચરણ તે માંડી રહ્યો છે તે એટલી જ સાચી હકીકત છે. માનું દુધ ન છોડવા માટે બાળક રડે છે–ધમપછાડા કરે છે; પણ ધીરે ધીરે ટેવાઈ જાય છે, શીખી જાય છે કે હવે સ્તનપાન કરવાની ઉમ્મર ગઈ, હવે ગ્સાલથી દુધ પીવાની ઉમ્મર થઈ છે. તે જ રીતે પહેલું ડગ માંડતા બાળકને પીતા કાળજીથી ડગલું ભરતા શીખવે છે; પણ બાળક ચાલતા શીખે તે માટે થોડા ડગલાં ચલાવીને પણ પીતા તેનો હાથ છોડી દે છે. તેથી જ બાળક ચાલતા શીખે છે. પછી જીવનનો બીજો તબક્કો આવે છે. બાળકની સ્કુલે જવાની ઉમ્મર થાય છે ત્યારે ફરી બાળક ઘરનો સુરક્ષીત માહોલ છોડીને અજાણ્યા માહોલમાં જતા ગભરાય છે, રડે છે. જીવન જીવવા માટે જરુરી શીક્ષા મેળવવા માટે પણ શીક્ષણ મેળવવું જરુરી છે તે માતા–પીતા સમજે છે. એટલે જ રડતા બાળકને સ્કુલે મુકીને મન

મક્કમ કરીને ઘરે પાછા જતા રહે છે. બાળક ધીરે ધીરે ટીચર્સ અને બીજા સ્ટુડન્ટ સાથે તાદાત્મ્યીતા કેળવે છે. સહેજ બે–ચાર વર્ષ વીતે અને પછી પ્રાથમીક શાળા છુટે છે અને મીડલ સ્કુલ શરુ થાય છે. નવા ટીચર, નવા લેશન, નવા સબ્જેક્ટ. નવું શીખવાની એક નવી મંઝીલ પણ જુનું છોડીને! વળી નવા ટીચર, નવા વીષય કંઈક નવું શીખવાની પ્રક્રીયા ચાલે છે. મીડલ સ્કુલ પછી હાઈ સ્કુલ. હવે સબ્જેક્ટની પસન્દગી સાથે તમારું ભવીષ્ય પણ જોડાય છે. પસન્દગી કરતા પહેલા તમે પ્રેકટીકલ બનો છો. અને હાઈ સ્કુલ પાસ કરી કે સ્કુલ લાઈફનો જીવનભર માટે અન્ત. ફરી શીક્ષકો, મીત્રોને છોડતા હૈયું રડે છે પણ સ્કુલની ડીસીપ્લીન્ડ લાઈફમાંથી છુટીને કૉલેજના મુક્ત વાતાવરણમાં સહચરવાનો આનન્દ સ્કુલ છોડ્યાના દુઃખને કંઈક હળવું કરે છે; પણ આખરે તો કુછ ખોને કે લીયે કુછ પાના પડતા હૈ. તે હકીકત તો સતત તમને સાવચેત કરતી જ રહે છે. વળી બે–ચાર વર્ષ વીતે અને કૉલેજ લાઈફ પુરી થાય. ફરી પાછો જીન્દગીનો એક નવો આયામ જ શરુ થાય. અત્યાર સુધી મૉમ–ડૅડના પૈસે જલસા કર્યા હોઈ હવે તમારી કમાણીમાંથી તેમનાં સપનાં પુરાં કરવાનો સમય આવે. એટલે વળી જોબ માટે કે સપનાંને હકીકત બનાવવા માટેની દોટ ચાલુ થાય ને ગામ–નગર–શહેર અને માતા–પીતાને છોડીને નવો વસવાટ શરુ થાય. સ્વને શોધવાની, પોતાના હુન્નરને ખોજવાની ખોજ આરંભાઈ જાય. તેમાં પણ કાઁરવે બનતે ગયે ઓર કાફીલે ગુજરતે રહે તેવો ઘાટ ચાલ્યા જ કરે. તમારા વર્ક પ્લેસ પર પણ પ્રમોશન, ટ્રાન્સફર, રીટાયરમેન્ટ બધું ચાલ્યા જ કરે. જુના માણસો જાય, નવા આવે છે. તે બધાં સાથે તમે ફરી પાછા

અનુકુલન શોધો છો. તમે ઘડી બે ઘડી તે વીશે વીચારો ન વીચારો અને આગળ વધતા રહો. તે દરમીયાન ફેમીલી બને, પછી તેને નીભાવવાની–સાચવવાની જવાબદારી વધતી જાય. જે રસ્તો પાર કરીને તમે મંઝીલે પહોંચ્યા છો તે જ રસ્તે તમારા બાળક ચાલતા થાય. તમે તે બધામાં ભાગીદાર બનો પરન્તુ તમારી મંઝીલ અન્ત તરફ ઝડપથી ધસી રહીં છે તે વાત તમે સ્વીકારી શકતા નથી કે પછી આંખમીચામણાં કરો છો. ત્યાં સુધી કે એક દીવસ અચાનક નીવૃત્તી સામે આવીને ઉભી રહે અને અસલ સચીનની જેમ તમે હેબતાઈ જાવ. નીવૃત્ત થઈને શું કરીશ? ક્યાં જઈશ? મેં તો ક્યારેય વીચાર્યું જ ન હતું કે હું નીવૃત્ત થઈશ!

જીન્દગી ખરા અર્થમાં તમારો જન્મ થતાં જ તમને કશાને કશામાંથી નીવૃત્ત થવાના પાઠ શીખવતી હોય છે; પણ આપણને આંખ આડા કાન કરવા ગમે છે. જેમ બાળકને કડવી દવા પીતા જોર આવે તેમ આપણને નીવૃત્ત થતાં કે તે વીશે વીચારતા જોર આવે છે. આખરે સાજા–નરવા રહેવા માટે જેમ કડવી દવા પીવી જરુરી બને છે તેમ જીવન ટકાવવા માટે પણ નીવૃત્ત થવું જરુરી છે. નીવૃત્તી જીન્દગીનો એક એવો હીસ્સો છે જેની કોઈ અવગણના કરી શકતું નથી. જેમ જીવન તેમ મૃત્યુ, તેમ જ જેમ પ્રવૃત્તી તેમ નીવૃત્તી. જેમ જન્મ મરણ ટાળી નથી શકાતા; તેમ પ્રવૃત્તી પછીની નીવૃત્તીને પણ ટાળી શકાતી નથી. હા, પણ નીવૃત્તીમાં પણ જે પ્રવૃત્તીમય રહીં શકે તે જ સાચી નીવૃત્તી લઈ શક્યો છે તેમ જાણવું. મહેશ ભટ્ટની સારાંશ ફીલ્મમાં નીવૃત્તીમાં કઈ રીતે જીવનનો સારાંશ શોધી લેવો તેનું બહુ સરસ રીતે વર્ણન થયું હતું. નીવૃત્ત શીક્ષકના એકના એક દીકરાનું અમેરીકામાં મોત થાય છે. તે

હકીકતને નીવૃત્ત શીક્ષક એટલે કે તે દીકરાનો પીતા સ્વીકારી નથી શકતો. દીકરાનું મોત થયું હવે જીવન કડવું ઝેર જેવું લાગે છે. કેમ જીવવું? ત્યારે તેનો મીત્ર કહે છે, 'મૈને જબ મેરી પત્ની કો ખોયા તબ લગા થા શેષ જીવન કૈસે બીતાઉંગા. લેકીન મૈંને રોજ ભાભી કે લીયે સુબહ મેં દુધ કા પેકેટ લાને મેં અપને જીવન કા અર્થ ઢુંઢ લીયા, તું ભી જીવન જીને કા અર્થ ઢુંઢ લે.'

જીવન હરેક રુપમાં જીવવું પડે છે. તે જીવન મેળવતા જ મળેલી પ્રકૃતીની પહેલી શરત છે. પછી તમે હવે દેવળ જુનું થયું છે એટલે નથી જીવવું તેમ હાથ ખંખેરી નાંખો તે ન ચાલે. શરીર–મન ઘસાઈ ગયા હોય તો પણ જીવવું પડે. અન્ત સુધી. કોઈ એસ્ક્યુઝ નથી અને કોઈ એસ્ક્યુઝડ પણ નથી. તો પછી બહેતર છે કે નીવૃત્તીને પણ સ્વીકારતા શીખો. કોઈ એવી પ્રવૃત્તી શોધી કાઢો કે જીવન– જીવન લાગે મરણ નહીં. જીવ પરોવો, એકવાર સોયમાં દોરો પરોવાઈ ગયો તો જીવન આપોઆપ સંધાતું જશે. હકીકતથી ભાગવું તે કાયરતા છે. તમે તમારી અત્યાર સુધીની લાઈફ હીરોની જેમ જીવ્યા છો તો પછી બાકીનું જીવન શું કામ ઝીરોની માફક જીવવું? હકીકતનો સ્વીકાર કરવામાં હીરોઈઝમ છે, હકીકતથી ભાગવામાં નહીં. એટલે નીવૃત્તીનો પ્લાન જયારે પ્રવૃત્ત હો ત્યારે જ કરો. જેથી કરીને નીવૃત્ત થવાના શોકમાંથી બચી શકો.

♦ ગ્રીન ચીલી ♦

Don't think of retiring from the world until the world will be sorry that you retire. I hate a fellow whom pride or cowardice or laziness drive into a corner, and who does nothing when he is there but sit and growl. Let him come out as I do, and bark.

...Samuel Johnson...

